

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

મે - ૨૦૧૦
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

## વાંકિયાના સહજાનંદી સિંહણ, નૈષ્ઠિકવ્રતની મહાન મૂર્તિસમા

# મુક્તાત્મા રાજબા : એક આદર્શ જીવનગાથા

તીર્થધામ વાંકિયા (રાજબાનું) વિશેષાંક
















વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સંપૂર્ણ સાથ-સહકારથી શ્રીજીમહારાજના પાવનકારી પદારવિંદથી પવિત્ર થયેલ તેમજ પરમભક્તરાજ શ્રી મોકાખાચર અને શ્રી રાજબાની જન્મભૂમિએવા વાંકિયા ગામને આંગણે નવનિર્માણ પામેલ ભવ્ય નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૦થી ૧૬-૫-૨૦૧૦)



:: સંસ્થાપક ::      :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૫, અંક :- ૧૧, તા. ૨૦-૦૫-૧૦

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી : સાધુ પતિતપાવનદાસજી**

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com




વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સંપૂર્ણ સાથ-સહકારથી શ્રીજીમહારાજના પાવનકારી પદારવિંદથી પવિત્ર થયેલ તેમજ પરમભક્તરાજ શ્રી મોકાખાચર અને શ્રી રાજબાની જન્મભૂમિએવા વાંકિયા ગામને આંગણે નવનિર્માણ પામેલ ભવ્ય

# નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર

## :: અનુક્રમણિકા ::


૧ રાજબાનું વાંકિયા ગામ બન્યું મહાન તીર્થધામ... ૦૪

૨ વાંકિયા ગામનું મૂળ : વંકાયન ઋષિ અને તેમના પુત્રી ઉન્મત્તગંગા... ૦૬

૩ શ્રીજી પ્રસાદિભૂત વાંકિયામાં પ્રાસાદિક સ્થાનો-વસ્તુઓ... ૦૮

૪ વાંકિયા ગામ ઈતિહાસના પાને... ૧૧

૫ વર્તમાન વાંકિયા ગામ અધ્યાત્મના અનેરા વિકાસના પંથે... ૧૨

૬ વાંકિયા ગામમાં અનેકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણનું સત્સંગ વિચરણ : તવારીખ... ૧૪

૭ મુક્તાત્મના રાજબા : એક આદર્શ જીવનગાથા... ૧૮

- સ્રીઓની આધ્યાત્મિક ઉન્નતિનાં પ્રદાતા : ભગવાન શ્રી સ્વામિનારાયણ
- મા ! મારા માટે હવે સંસાર હરામ છે...!!!
- મા ! બળી તારી ચુંદડી...!!!
- મારે તો વાંકિયાના ઝાડવાં પણ નથી જોવા...!!!
- વોય બા...પ... રે, આ...તો ખપ્પર જોગણી છે કે...!!!
- સ્વામિનારાયણ મારો ધણી છે અને મોટીબા મારા સાસુ, મા, માસી બધું જ છે...
- સાસરું - પિયર બધું ગઢડું જ છે !
- બહેન ! છેટી રહેજે, તારા ઉદરમાં પુત્ર છે...
- દાદા ! રાજબા તમારા પાંચમા બહેન છે તેમ માનજો...
- અરે લાધીયા ! તારું ભણકે (દિવસ) ભૂંડું થાય...!!!
- રાજબા એક ઉપવાસ કરશે તો હું ચાર કરીશ !
- રાજબાનું અતિ કઠિન છેડાવ્રત...
- રાજબાની સંત સેવા-ભક્તિ....
- પછી રાજબાએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછાવ્યો જે....?
- મારાં અસ્થિને જમીનમાં અઢાર હાથ ઊંડો ખાડો ખોદીને દાટજો...!!!

૮ શ્રી મોકાખાચર પરંપરા વંશવૃક્ષ... ૩૪

**સંપૂર્ણ લેખન/સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. ખુશાલ ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

૯ સત્સંગ સમાચાર... ૩૫

- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર



# રાજબાનું વાંકિયા ગામ બન્યું મહાન તીર્થધામ...

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **'પુરુષોત્તમ પ્રકાશ'**માં શ્રીજીમહારાજના સંબંધમાં આવેલ જડચેતન પદાર્થોનો મહિમા ખૂબજ વર્ણવ્યો છે :-

**'જિયાં જિયાં અમે વિચર્યા, વળી રહ્યા જે જે ગામ;**
**તે જરૂર જન જાણજો, સર્વે થયા છે સ્વધામ.**
**તિયાં પ્રાણી કોઈ તન તજે, જાણ્યા વિના એહ જાગ્ય;**
**કહ્યા ન જાય વળી કોઈથી, એવા ઉઘડિયા એના ભાગ્ય.**
**ચરણે અંકિત જે અવનિ, વળી પદની સ્પર્શેલ રજ;**
**તે જોતા ન જડે જાણજો, જેને ઈચ્છે છે ઈશ્વર અજ.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪/)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં કહે છે કે, જ્યાં જ્યાં અમારા **ચરણારવિંદ**ની **છાપ** પડી છે ત્યાં ત્યાં કોઈ ભૌતિક ભાવના ન કરશો. માયામય એવી જડ વસ્તુ પણ નિર્ગુણ એવા પરબ્રહ્મ પરમાત્માના સંબંધથી દિવ્યભાવને પામી જાય છે. સૃષ્ટિના સનાતન નિયમમાં અપવાદ સર્જાય છે, તે ભૂમિ 'સ્વધામ' ભગવદ્‌ધામરૂપ બની જાય છે. સર્વ કોઈની દૃષ્ટિમાં આવો દિવ્યભાવ શક્ય નથી. દા.ત. એવા જ એક મહાન તીર્થસ્થાન વાંકિયામાં શ્રીજીમહારાજ રહ્યા છે. ત્યાંની ગલીઓને, ભક્તજનોના ઘરોને, વાડી-ખેતરો વગેરે ભૂમિને ભગવાન શ્રીહરિના શ્રીચરણોનો સાક્ષાત્ સંબંધ પ્રાપ્ત થયો છે માટે તે સાક્ષાત્ અક્ષરધામ છે. આવો દિવ્યભાવ માયિક દૃષ્ટિમાં બંધાયેલા આપણા જેવા જીવદશાના આત્માઓને નથી આવતો એટલે શ્રીજીમહારાજ ભારપૂર્વક કહે છે :-

**'તે જરૂર જન જાણજો, સર્વે થયા છે સ્વધામ...'**

જેના ધામમાં જવા માટે આપણે રાત્રિ-દિવસ પુરુષાર્થ કરીએ છીએ, ઈન્દ્રિયો, અંતઃકરણ સાથે સંઘર્ષ કરીએ છીએ, નજર સામે દેખાતા જગતના સુખોનો ત્યાગ કરીએ છીએ, આ વિષમ કળિકાળમાં પંચવર્તમાન પાળીએ છીએ ત્યારે શ્રીજીમહારાજ કહે છે કે, અમારા પાદસ્પર્શથી પવિત્ર વાંકિયા ધામ જેવી ભૂમિમાં કોઈ અજાણે પણ દેહનો ત્યાગ કરે તો તેના ભાગ્યના દરવાજા ઉઘડી જાય. યોગીઓને દુર્લભ ગતિ તેને પણ સુલભ થઈ જાય.

**'ભાગ્ય મોટા એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ;**
**પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.'**

(પુરુષોત્તમપ્રકાશ : ૨૯/૪)

જ્યાં જ્યાં શ્રીજી મહારાજે વિચરણ કર્યું છે તે ભૂમિના મોટા ભાગ્ય છે. અને તે ધરતી **પાવનકારી તીર્થરૂપ** બની ગઈ છે. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી જાણવા છતાં પુનરુક્તિ કરે છે. કાવ્યની દૃષ્ટિએ એક જ વાતને બીજીવાર કહેવી તે દોષ ગણાય છે. છતાં પણ સ્વામી આપણામાં રહેલા માયિકભાવરૂપ દોષને ટાળવા પોતાની કાવ્યપંક્તિમાં પુનરુક્તિદોષને સ્વીકારીને પણ એ જ દિવ્યભાવને પુનઃ વર્ણવતાં કહે છે :-

**'જન ભુવનમાં જ્યાં જ્યાં ગયા રે, તિયાં દિનરજની જે રહ્યા રે;**
**એહ ભૂમિકાના ભાગ્ય ભારી રે, થઈ ધામરૂપ સુખકારી રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪/૪)

ભગવાન શ્રીહરિ કોઈક ભક્તજનને ઘેર પધાર્યા, એક રાત કે એક દિવસ જ ત્યાં રહ્યા હોય, છતાં પણ એ ભૂમિ **અક્ષરધામતુલ્ય** સુખકારી છે. આ સુખ આવી દિવ્ય દૃષ્ટિ થાય ત્યારે જ પ્રાપ્ત થાય છે. આપણે આ અંકના માધ્યમથી **વાંકિયાધામ**ના સંદર્ભે વાંચી રહ્યા છીએ ત્યારે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના વચન પ્રમાણે વાંકિયા ગામ કેટલું મહાન દિવ્ય ધામ કહેવાય ? ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પાંચસો પરમહંસો અને હજારો હરિભક્તો સાથે અનેકવાર પધારીને દિવ્ય લીલાઓ કરી છે. પરમભક્તરાજ શ્રી મોકાખાચરનો દરબારગઢ વગેરે **પ્રસાદિના સ્થાનો**નો **મહિમા** આપણને જેમ સ્વામી કહે છે તે પ્રમાણે સમજાય જાય તો ? અહો... અહો... થઈ જાય !!

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'પુરુષોત્તમ પ્રકાશ'**માં પ્રત્યક્ષ પરમાત્માના સંબંધથી થયેલ પાવનકારી ભૂમિનો મહિમા વર્ણવતાં વધુ એક પંક્તિ લખે છે :-

**'સર્વ ધામના ધામ એ થિયાં રે, રહ્યાં સંત સહિત અમે જિયાં રે;**
**બીજા તીર્થ ધામ બહુ કા'વે રે, પણ અમે રહ્યા તે તુલ્ય નાવે રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪)

વળી, પ.પૂ ધ.ધુ આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી બતાવે છે કે :-

**'પ્રભુપદ રજ હોય જેહ ઠામે, અજ ભવ આદિ તહાં સ્વશીશ નામે;**
**પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૬)

પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્પર્શથી, પદરજના અભિષેકથી તીર્થ સ્વરૂપ બનેલી જે ધરાના ભાગ્યની તો શું વાત કરવી ? પ્રભુચરણની રજ જે સ્થાનમાં પડેલી હોય તે સ્થાનમાં સૃષ્ટિકર્તા સ્વયં બ્રહ્માજી અને સંહારકર્તા મહાદેવ શિવજી પણ તે પવિત્ર ભૂમિમાં આવી મહિમાપૂર્વક **વંદન** કરી તે પૃથ્વીની ચરણરજ પોતાના મસ્તક ઉપર ચડાવી પોતાનું **પરમ સૌભાગ્ય** સમજે છે.



વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ નારાયણની ચરણરજનો મહિમા વર્ણવતા **'પુરુષોત્તમ પ્રકાશ'**માં લખે છે :-

**'ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિચરણે અંકિત રે;**
**ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જીયાં હરિ ફર્યા બહુવાર રે.**
**ધન્ય ઘર ઓસરી આંગણાં રે, જીયાં પગલાં થયાં પ્રભુતણા રે;**
**એહ આદિ બીજા બહુ સ્થાન રે, જિયાં જમ્યા રમ્યા ભગવાન રે;**
**જુવે સર્વ સ્થળ એ સંભારી રે, એક એકથી કલ્યાણકારી રે.**
**એહ ભૂમિકાનાં મોટા ભાગ્ય રે, નથી જાણજો એ કહ્યા લાગ્ય રે;**
**ફળી ચોક વળી શું વખાણું રે, શ્વેત વૈકુંઠ સમ સહુ જાણું રે.**
**ચરણરજે ભર્યાં ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે;**
**તિયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૬/૨૯)

જે જે સ્થાનોમાં પ્રગટ પ્રભુએ વિચરણ કર્યું, પધરામણીઓ કરી તે તે શહેર-ગામ-ઘર-ધર્મશાળા-ફૂલવાડી-બગીચા-નદી-તળાવો અને સ્થાવર-જંગમ સમસ્ત મહાપ્રસાદીરૂપ પવિત્ર બની ગયાં. જ્યાં જ્યાં પ્રગટ પરમેશ્વર એવા ભગવાન શ્રીહરિના પદારવિંદ પડ્યાં એ ઓરડા, ઓસરી, ફળી, વાડી, ખેતર અને ચોક વગેરે **અક્ષરધામ સમાન** બની ગયાં ! જ્યાં પ્રગટ પરમાત્મા પોતે રમ્યા-જમ્યા અને હર્યા-ફર્યા એ સર્વે ભૂમિ **વંદન કરવા યોગ્ય** બની ગઈ. તે પવિત્ર પૃથ્વીની રજને સ્પર્શતા તન ને મન બંને પાવન થઈ જાય છે. પ્રસાદીની ધરતીમાં કોઈ પાપી મૃત્યુ પામે તો પણ તેની સદ્‌ગતિ થાય છે !

આ 'ચિંતન' વિશેષાંકના માધ્યમથી આપણે સહુ; વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના સંપૂર્ણ સાથ-સહકારથી તથા **વાંકિયા સમસ્ત ગામ સત્સંગ સમાજ**ના અથાગ પરિશ્રમથી ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના ગામ **વાંકિયા**ને આંગણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર**નો ભવ્ય **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** પ્રસંગે ભગવાન શ્રીહરિના પદારવિંદથી અંકિત થયેલી એવી વાંકિયાની પવિત્ર ભૂમિમાં પ્રસાદિભૂત વૃક્ષો, મકાનો કે બીજી અનેક વસ્તુઓ અત્યારે મોજુદ છે તેના દર્શનની સાથે મહિમાને જીવનમાં કંડારીએ...



# વાંકિયા ગામનું મૂળ : વંકાયન ઋષિ અને તેમના પુત્રી ઉન્મત્તગંગા

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **ઉન્મત્તગંગા** (ઘેલા નદી)નું **માહાત્મ્ય** અજોડ છે. કારણ કે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમાં ૨૯ વર્ષ સુધી હજારો સંતો-ભક્તો સહિત **સ્નાન** કરેલું છે. આ ઉન્મત્તગંગાની ઉત્પત્તિની કથા વાંકિયા ગામની સાથે સંકળાયેલ છે. જેનો ઉલ્લેખ સ.ગુ. શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ **'ઉન્મત્તગંગા માહાત્મ્ય'** નામના ગ્રંથમાં આ પ્રમાણે વિસ્તારથી કરેલ છે.

વંકાયન મહર્ષિના આઠ પુત્રો પશ્ચિમપાંચાળ દેશમાં સોમનાથ (ઘેલા સોમનાથ) નામના સ્થળમાં તપશ્ચર્યા કરતા હતા. તેમના તપથી ભયભીત બનેલા ઈન્દ્રે શુકી નામની અપ્સરાને આઠે ઋષિઓને પોતાના તપથી ભ્રષ્ટ કરવા માટે મોકલી. શુકી નામની અપ્સરાનું રૂપ જોતા આઠેય ઋષિઓ તેમાં મોહ પામ્યા અને બ્રહ્મચર્ય વ્રતથી ભ્રષ્ટ થયા. પોતાનું વ્રત ભંગ થવાથી આઠેય ઋષિઓને પારાવાર પશ્ચાત્તાપ થયો. અને પ્રાયશ્ચિત્ત માટે પોતાના પિતા મહર્ષિ વંકાયન ઋષિને પ્રાર્થના કરી. વંકાયન ઋષિ મહાન તપસ્વી હતા. પોતાના પુત્રો ધર્મથી ભ્રષ્ટ થયા છે માટે તેમની શુદ્ધિ માટે અનેક વિદ્વાન બ્રાહ્મણોની સભા કરી અને તેમને પોતાના પુત્રોની **શુદ્ધિ**નો **ઉપાય** પૂછ્યો. વિદ્વાન બ્રાહ્મણોએ શાસ્ત્રોનું અધ્યયન કરી કળિયુગના સમયને ધ્યાનમાં રાખીને વિચાર કરીને કહ્યું : ''જેમ સગર રાજાના પુત્રોને આકાશમાંથી ઊતરી સ્વર્ગગંગાએ તાર્યા, તે જ રીતે જો **ગંગાજી** આકાશમાંથી ઊતરીને **તારા પુત્રોને સ્નાન કરાવે** તો તેમનો **ઉદ્ધાર** થાય.''

બ્રાહ્મણોના વચનોને સાંભળીને વંકાયન ઋષિએ (હાલમાં વાંકિયા ગામ છે ત્યાં) આકાશગંગાને સ્વર્ગમાંથી ઉતારવા ઘોર તપ કર્યું. ઋષિની કઠિન તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને ગંગાજીએ મૂર્તિમંત દર્શન આપ્યા અને વરદાન માંગવા કહ્યું. ત્યારે વંકાયન ઋષિએ ગંગાજીને પોતાના પુત્રોનો ઉદ્ધાર કરવા માટે પ્રાર્થના કરી. ઋષિની પ્રાર્થના સાંભળીને પ્રસન્ન થઈને ગંગાજીએ કહ્યું : ''હે મુનિ ! તમે શોક કરશો નહિ, હું જ તમારી પુત્રીરૂપે પ્રગટ થઈશ. અને પછી નદીનું સ્વરૂપ ધારણ કરી મારા જળમાં તમારા પુત્રોને સ્નાન કરાવીને પાવન કરીશ.''

થોડાક વર્ષો પછી ગંગાજીએ વંકાયન ઋષિના ઘેર પુત્રીરૂપે અવતાર ધારણ કર્યો. થોડી મોટી ઉંમર થતા તે ગંગાજીએ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિને પામવા માટે ઉગ્ર તપશ્ચર્યા કરી. ગંગાજીની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ બ્રહ્માદિક દેવતાઓએ નારદજીને ગંગાજી પાસે મોકલ્યા. નારદજીએ ગંગાજીને દર્શન આપ્યા એટલે ગંગાજી પ્રાર્થના કરવા લાગ્યા : "હે દેવર્ષિ ! આપ જો પ્રસન્ન જ થયા હો તો મને અક્ષરાધિપતિ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિ કરાવો." ગંગાજીની પ્રાર્થના સાંભળી નારદજી પ્રસન્ન થયા અને વર આપ્યો : "હે ગંગે ! તું નદી રૂપ થઈને વહન (ગતિ) કર, અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો તને સંબંધ થશે."


નારદજી વરદાન આપીને વિદાય થયા. તેમના વરદાનમાં અતૂટ શ્રદ્ધાથી ગંગાજી અતિ ઉત્સાહથી કઠિન તપશ્ચર્યા કરવા લાગ્યા. તેમની કઠોર તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને સ્વયં પૂર્ણ પુરુષોત્તમ અક્ષરાધિપતિ ભગવાન શ્રીહરિએ તેમને પોતાનું સાક્ષાત્ દર્શન આપ્યું અને કહ્યું : "હે ગંગે ! તમારા તપથી હું પ્રસન્ન થયો છું માટે તમારે જે જોઈએ તે વર માંગો." ત્યારે ગંગાજીએ પ્રણામ કરીને કહ્યું : "હે પ્રભુ ! મારે આ લોકની કોઈ સંપત્તિ જોઈતી નથી. મને નિરંતર આપનો સમાગમ થાય તેવું વરદાન આપો."

ગંગાજીની આવી પ્રાર્થના સાંભળીને ભગવાન શ્રીહરિએ કહ્યું : "તમારો મનોરથ પૂર્ણ કરવા તથા મારા એકાંતિક ભક્તોને મારી મૂર્તિનું સુખ આપવા ધર્મદેવ તથા ભક્તિમાતા થકી પ્રગટ થઈને, માતા-પિતાને દિવ્યગતિ આપીને, તીર્થમાં તીર્થાટન કરીને, પશ્ચિમ પાંચાળ દેશમાં દુર્ગપુર નામના ગામમાં હું આવીશ. અને તે દુર્ગપુરના નરેશ અભયરાજાના દરબારને ઘર માનીને ત્યાં જ રહીશ. અને તે સમયે મારી સાથે અક્ષરધામમાંથી આવેલા અક્ષરમુક્તો સહિત સંત-હરિભક્તોની સાથે નિરંતર તમારે વિષે સ્નાન કરીશ. માટે તમે તે દુર્ગપુર (ગઢડા)થી દક્ષિણ દિશા તરફ નદીનું સ્વરૂપ ધારણ કરીને આગળ ચાલો અને સૌપ્રથમ એક બ્રાહ્મણના સો પુત્રોનો ઉદ્ધાર કરજો." (આ બ્રાહ્મણના પુત્રો 'વેદમાં હિંસાનું પ્રતિપાદન છે' તેમ કહીને હિંસામય યજ્ઞો કરતા હતા અને તે પાપે કરીને આ બ્રાહ્મણપુત્રોને સપ્તર્ષિઓએ શ્રાપ આપ્યો કે, 'હે દુરાત્માઓ ! તમે વેદ વિરુદ્ધ ધર્મ પ્રવર્તાવો છો માટે જાઓ, તમે તમામ સાલેમાળ આદિક સાત પર્વતોમાં રાયણના વૃક્ષોના દેહ પામો.' તેથી બ્રાહ્મણ પુત્રો રાયણના વૃક્ષોના દેહને પામ્યા.) પછી વંકાયન મુનિના આઠ પુત્રોનો પણ ઉદ્ધાર કરીને ત્યાંથી આગળ વધી માંડવ્યઋષિને પણ પોતાના જળમાં સ્નાન કરાવી પાપમુક્ત કરજો. અને ત્યાંથી આગળ જઈ નીલકંઠ બ્રાહ્મણનો પણ ઉદ્ધાર કરજો."

ભગવાન શ્રીહરિના આવા વચનો સાંભળીને વંકાયન મુનિના આઠ પુત્રોનો ઉદ્ધાર કરવા માટે જ પ્રગટેલા ગંગાજી ભગવાન શ્રીહરિનો સાક્ષાત્ સંબંધ પામવાની ઈચ્છાથી વંકાયન ઋષિની પુત્રીનું સ્ત્રીરૂપનો ત્યાગ કરી નદીનું સ્વરૂપ ધારણ કર્યું. અને ફૂલઝરમાંથી નાની એવી વિરડીમાંથી પ્રવાહરૂપે નીકળી **સોમનાથ પર્વત** ઉપર આવ્યા ને સપ્તર્ષિઓના શ્રાપથી વૃક્ષના દેહને પામેલા બ્રાહ્મણના સો પુત્રોનો ઉદ્ધાર કર્યો. તેમજ વંકાયન ઋષિના આઠ પુત્રોનો ઉદ્ધાર કરી આગળ ચાલી સહસ્રધારામાં આવીને આગળ ચાલી માંડવ્યમુનિને કૃતાર્થ કરી દુર્ગપુર (ગઢપુર)ની દક્ષિણ દિશામાં ચાલી નીલકંઠ બ્રાહ્મણને સ્નાન કરાવી શુદ્ધ કર્યા.

**ખાસનોંધ** :- વંકાયન ઋષિએ જે સ્થાને ગંગાજીને પ્રગટ કરવા માટે તપ કરેલું તે સ્થાન વંકાયન ઋષિના નામથી આજે 'વાંકિયા' ગામ તરીકે પ્રખ્યાત છે. જે ગામ કોટડા (પીઠા) અને જસદણ પાસે બાબરા તાલુકામાં આવેલું છે. સંપ્રદાયના કેટલાક વિદ્વાનો દ્વારા પણ મહામુક્ત રાજબાના જન્મસ્થાન એવા આ વાંકિયા ગામને અમરેલીના બાબાપુર પાસે દર્શાવવામાં આવે છે. પરંતુ ઉપરોક્ત ઈતિહાસથી તેમજ શ્રીહરિચરિત્રામૃતસાગર આદિક ગ્રંથોમાં શ્રીજીમહારાજ 'કોટડા થઈને... કે રાયપુર થઈને.... વાંકિયા પધાર્યા.' તેવો ઉલ્લેખ છે. જેથી કોટડા (પીઠા) પાસે આવેલું વાંકિયા ગામ જ રાજબાનું જન્મસ્થાન છે. જેની સર્વે વાંચક ભક્તજનોએ ખાસ નોંધ લેવી.


વંકાયન ઋષિના તપથી પ્રસન્ન થયેલ પુત્રીરૂપ ગંગાજીએ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ માટે જે સ્થાને તપ કર્યું તે સ્થાન આજે **'ગંગેશ્વર'** તરીકે ઓળખાય છે. આ સ્થાન વાંકિયાથી ૭ કિ.મી. દૂર **લાલકા** ગામ નજીક **સાલેમાળ પર્વત**ની **હારમાળા**ઓમાં આવેલું છે. જ્યાં ગંગાજી સ્ત્રીના રૂપનો ત્યાગ કરીને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિને મળવા માટે નદી સ્વરૂપે થયા હતા તે સ્થળે આજે નાની એવી **વિરડી** છે. તેમાંથી વર્ષોથી અવિરત ગંગાજી વહી રહ્યા છે. તે વિરડીની પાસે ગંગાજીની મૂર્તિ પધરાવવામાં આવી છે. અહિંથી ગંગાજી ભગવાન શ્રીહરિને મળવા માટે **ગાંડીતૂર** બનીને વહ્યા હતાં. તેથી તેમનું નામ **'ઉન્મત્તગંગા'** પડ્યું. આ ઉન્મત્તગંગાના ઉદ્‌ગમ સ્થાને આજે એક સુંદર મહાદેવજીનું મંદિર છે અને આશ્રમ પણ છે. જ્યાં પૂ. મહંત શ્રી લક્ષ્મણગીરી બાપુ મંદિર અને આશ્રમનો વિકાસ કરી રહ્યા છે. આ સ્થાન તથા આશ્રમ **'ગંગેશ્વર'** તરીકે ઓળખાય છે. આજે આ સ્થાન અનેક ભક્તજનોની શ્રદ્ધાનું કેન્દ્ર છે.



પ્રસાદીની રજાઈ



પ્રસાદીનો સુરવાળ



પ્રસાદીની તલવાર



શ્રીજીમહારાજે મસ્તકે બાંધેલ પ્રાસાદિક શેલુ

# શ્રીજી પ્રસાદિભૂત વાંકિયામાં પ્રાસાદિક સ્થાનો-વસ્તુઓ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે મનુષ્ય તન ધારણ કરીને ભરતખંડને અતિશય પાવન કર્યો છે. અનેક સ્થળોએ વિચરણ કરીને તે તે સ્થળોને તીર્થધામરૂપ બનાવ્યા છે. જે સ્થળો સાથે શ્રીજી મહારાજનો પ્રત્યક્ષ સંબંધ હોય તે સ્થળનું કદાચ કલમ વડે વર્ણન કરી શકાય અને તે સ્થળ સાથે સંકળાયેલ લીલા-ચરિત્રો સંભારી શકાય. પરંતુ તે તીર્થસ્થળોનો મહિમા તો હંમેશા અવર્ણનીય રહે છે. આવું જ એક અનેરું તીર્થધામ વાંકિયા છે. જ્યાં ભગવાન શ્રીહરિના ચરણથી અંકિત થયેલી પ્રસાદીભૂત અનેક વસ્તુઓ અત્યારે પણ મોજુદ છે. આપણે વાંકિયા તીર્થધામમાં જઈએ ત્યારે તે સ્થળો પોકારી પોકારી શ્રીજીમહારાજનો જયનાદ સંભળાવતા હોય તેવું લાગે છે. કારણ કે પરમાત્માના સંપર્કમાં આવતા તે સઘળી વસ્તુ એવી ધન્યતા પામેલ છે કે તેવી ધન્યતા પ્રાપ્ત કરવા આ પામર જીવ સમર્થ નથી. તો આવો... આપણે આ અંકના માધ્યમથી વાંકિયામાં હાલમાં મોજુદ શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓના મહિમા અને તેના ઈતિહાસની સાથે સચિત્ર દર્શન કરીએ...

### ૧. રજાઈ :-

શ્રીજીમહારાજ જ્યારે વાંકિયામાં પધાર્યા ત્યારે રૂથી ભરેલી આ રજાઈ ઉપર પોતે બિરાજમાન થયા હતા.

### ૨. સુરવાળ :-

ભગવાન શ્રીહરિએ વાંકિયામાં રંગોત્સવ કર્યો હતો, તે સમયે આ સુરવાળ પહેર્યો હતો. જે રંગથી રંગાયેલો સુરવાળ

આજે પણ મોકાખાચરના વંશજો પાસે યથાવત સ્થિતિમાં છે.

### ૩. તલવાર :-

વાંકિયાના દરબાર ભક્તરાજ મોકાખાચરને ભડલીના ભાણખાચર સાથે ઝઘડો થયો હતો. તેમાં મોકાખાચરની જીત થઈ હતી. તેથી શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને ગઢપુરથી લખીરામ સાથે શૂરવીરતાના પ્રતિક તરીકે એક તલવાર મોકાખાચરને ભેટ તરીકે મોકલાવી હતી. જે તલવાર મોકાખાચર બાંધતા હતા. આજે તે તલવાર વાંકિયાના દરબારગઢમાં અણમોલ રતનની જેમ મોકાખાચરની પાંચમી પેઢીના વંશજ શ્રી શાંતુભાઈ ગીગાભાઈ ખાચર પાસે પ્રસાદીરૂપે પૂજાય છે.

### ૪. શ્રીજીમહારાજે મસ્તકે બાંધેલ પ્રાસાદિક શેલુ :-

શ્રીજીમહારાજે વાંકિયામાં નિવાસ દરમ્યાન જે શેલું પોતાના મસ્તકે બાંધેલું તે મહાન પ્રસાદિનું શેલું હાલમાં વાંકિયાથી બોટાદ રહેવા ગયેલ મોકાખાચરની છઠ્ઠી પેઢીના વંશજ શ્રી બાબુભાઈ અનકભાઈ ખાચર પાસે કાળજીપૂર્વક સચવાયેલ છે.

### ૫. ઢોલિયો :-

જ્યારે શ્રીજીમહારાજ વાંકિયા પધારતા ત્યારે આ ઢોલિયા ઉપર પોઢ્યા હતા, તેથી આ ઢોલિયો પણ અતિ પ્રાસાદિક છે.

### ૬. પ્રસાદીના ચરણારવિંદ :-

મોકાખાચરની પાંચમી પેઢીના વંશજ શ્રી શાંતુભાઈ ગીગાભાઈ ખાચરના લગ્ન કુંડળ ગામે અમરા પટગરના કુળમાં થયા છે. તેમના ધર્મપત્નિ કુંડળથી પોતાની સાથે શ્રીજીમહારાજના પ્રસાદીના આ ચરણારવિંદ સાથે લાવ્યા હતા. જે આજે તેઓની પાસે તે પ્રસાદીના ચરણારવિંદ પૂજાય છે.

### ૭. પ્રાસાદિક શ્રીજીમહારાજની થાળ જમતી મૂર્તિ :-

મોકાખાચરના પાંચમી પેઢીના વંશજ અ.નિ. દાદાબાપુ હરસુરબાપુ ખાચરના લગ્ન સેંજળ (મૂળ કુતાણા) ગામમાં થયા હતા. તેમના ધર્મપત્નિ જીવુબા પોતાના પિયરથી શ્રીજીમહારાજની થાળ જમતી આ પ્રાસાદિક મૂર્તિ પોતાની સાથે લાવ્યા હતા. તે આજે પણ તેમના દિકરા અ.નિ. જીલુભાઈ દાદાભાઈ ખાચરના ધર્મપત્નિ સુમબાઈબેન પાસે પ્રસાદી તરીકે પૂજાય છે.

### ૮. પ્રાસાદિક દાદર :-

મોકાખાચરના દરબારગઢમાં ચારેબાજુ ચાર કોઠા છે. ચારેય કોઠામાં બૂરજ છે. આ દાદર તે બૂરજ ઉપર જવા માટેનો છે. આ દાદરથી શ્રીજીમહારાજ બૂરજ ઉપર પધાર્યા હતા. તેથી આ દાદર પ્રસાદીનો છે.

### ૯. પ્રાસાદિક પથ્થર :-

શ્રીજીમહારાજે દરબારગઢના બૂરજમાં આ પથ્થર ઉપર બેસીને સ્નાન કર્યું હતું. તે આ પથ્થર પ્રસાદીનો છે.

### ૧૦. પ્રાસાદિક હસ્તલિખિત શિક્ષાપત્રી ભાષા :-

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી કૃત શિક્ષાપત્રીભાષાની આ હસ્તલિખિત પ્રત મોકાખાચરની પાંચમી પેઢીના વંશજ અ.નિ. દાદાબાપુ હરસુરબાપુ ખાચરને


પ્રસાદીનો ઢોલિયો


પ્રસાદીના ચરણારવિંદ


પ્રાસાદિક શ્રીજીમહારાજની થાળ જમતી મૂર્તિ


પ્રાસાદિક દાદર


પ્રાસાદિક પથ્થર


પ્રાસાદિક હસ્તલિખિત શિક્ષાપત્રી ભાષા



પ્રાસાદિક દરબારગઢ



દરબારગઢનો પ્રાસાદિક મુખ્ય પ્રવેશદ્વાર



મોકાખાચરના દરબારગઢના ઓરડા



દરબારગઢનો કોઠો



જસાખાચરના ઓરડા



પ્રાસાદિક ઘોડશાળા

વારસામાં મળેલ તે પોતાની પૂજામાં રાખતા હતા. તે આજે તેમના દિકરા અ.નિ. જીલુભાઈ દાદાભાઈ ખાચરના ધર્મપત્નિ સુમબાઈબેન પાસે પ્રસાદી તરીકે રાખેલ છે.

### ૧૧. પ્રાસાદિક દરબારગઢ :-

મોકાખાચરની રક્ષા માટે ભગવાન શ્રીહરિએ સ્વયં નકશો બનાવી તલવાર દ્વારા લીટો દોરીને આ ગઢ બનાવવાની આજ્ઞા કરી હતી. તે આ દરબારગઢ મહાન પ્રસાદિભૂત છે. જેમાં શ્રીજીમહારાજ અનેકવાર પધાર્યા છે. આ દરબારગઢના ઉત્તરાદાના ઓરડામાં શ્રીજીમહારાજે અનેકવાર ઉતારો કર્યો હતો.

### ૧૨. દરબારગઢનો પ્રાસાદિક મુખ્ય પ્રવેશદ્વાર :-

આ દરબારગઢનો મુખ્ય પ્રવેશદ્વાર છે. શ્રીજીમહારાજને મોકાખાચરે તથા ઘેલાખાચરે આ દરવાજેથી દરબારગઢમાં પધરાવ્યા હતા.

### ૧૩. મોકાખાચરના દરબારગઢના ઓરડા :-

મોકાખાચરના દરબારગઢના આ ઓરડામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેકવાર પધાર્યા છે. તેથી તે ઓરડા પણ પ્રસાદીના છે.

### ૧૪. દરબારગઢનો કોઠો :-

પ્રસાદિભૂત દરબારગઢના ચાર કોઠા માંહીલો આ એક કોઠો છે. જે કોઠા ઉપર શ્રીજીમહારાજ પધાર્યા હતા.

### ૧૫. જસાખાચરના ઓરડા :-

આ ઓરડાની ઓસરી ઉપર સૂતેલા ઘેલાખાચરના દીકરા નાના એવા જસાખાચરની છાતી ઉપર બંને ચરણારવિંદ રાખીને શ્રીજીમહારાજ ઊભા રહ્યા હતા તે આ પ્રાસાદિક ઓરડા છે.

### ૧૬. પ્રાસાદિક ઘોડશાળા :-

દરબારગઢમાં શ્રીજીમહારાજની માણકી ઘોડી જેમાં બાંધવામાં આવી તે આ ઘોડશાળા છે.

### ૧૭. રાજબાના ઓરડાની પ્રાસાદિક બારી :-

આ બારી પાસે બેસી મુક્તરાજ રાજબા શ્રીજીમહારાજનું ભજન કરતા હતા. આ બારીમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણે રાજબાને દિવ્ય સ્વરૂપે દર્શન દીધા હતાં અને રાજબાના હાથે દૂધ પીધું હતું.

### ૧૮. રાજબાનો ઓરડો :-

આ ઓરડામાં બેસીને રાજબા અખંડ શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન, સેવા-પૂજા કરતા હતા. જે ઓરડામાં બેસીને રાજબા બોલેલા કે, 'બળી તારી ચુંદડી...' ત્યારે પટારા ઉપર પડેલી સાસરીયા પક્ષથી આવેલી ચુંદડી ભડભડ બળવા લાગી હતી.

### ૧૯. મોકાખાચરનો અગ્નિસંસ્કાર ઓટો :-

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્તરાજ નરેશ **મોકાખાચર**નો **અગ્નિસંસ્કાર** જે જગ્યાએ કરવામાં આવ્યો હતો, તે જગ્યાએ આજે સ્મૃતિરૂપે **ઓટો** બનાવેલ છે.



રાજબાના ઓરડાની પ્રાસાદિક બારી



રાજબાનો ઓરડો



મોકાખાચરનો અગ્નિસંસ્કાર ઓટો

# વાંકિયા ગામ ઈતિહાસના પાને...



સ્વયં વેદો-ઉપનિષદો જેને નેતિ નેતિ કહે છે એ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના પવિત્ર પાદારાવિંદથી પાવન થયેલ એ વાંકિયા ધામમાં આધ્યાત્મિકતાના દિવ્ય સ્પંદનો ગૂંજી રહ્યા છે. શ્રીજીમહારાજઅને તેમના પરમહંસો જ્યાં ૧૦-૧૦ વાર પધાર્યા છે. બેઠા છે..., ફર્યા છે..., નાહ્યા છે..., રમ્યા છે..., જમ્યા છે ને જમાડ્યાં છે. આજે પણ એ વાંકિયાધામની ધરતીના કણકણમાં પરબ્રહ્મ તથા પરમહંસોના સ્પર્શનો દિવ્યનાદ ગૂંજી રહ્યો છે. મોકાખાચરનો દરબારગઢ તથા મહામુક્તરાજ રાજબાનો ઓરડો પ્રભુના સ્પર્શનો પરમાનંદ માણી ઝરુખામાં ઊભેલા માનવની જેમ યાત્રિકોના સ્વાગત માટે અડગ ઊભો છે.

આ અપરંપાર મહિમાવંતી વાંકિયાધામની ધરણી પોતાના ભવ્ય અને દિવ્ય ભૂતકાળને યાદ કરી બિસ્માર હાલતમાં આંસું સારી રહી હતી. અવિરત વહેતો સમય પ્રવાહ પણ તે ભૂતકાળને નતમસ્તક થઈને વંદી રહ્યો હતો.

ભૂતકાળમાં આનંદથી રંગાયેલ વાંકિયાધામની કલ્પના અસ્તિત્વની ઝાંખી કરીએ ત્યારે તેના ભવ્ય ભૂતકાળના ચિત્રો કંડારાઈ જાય, પરંતુ અકથ્ય ઊંડી વેદના સહેવી પડે ને એ વેદનાનાં ફળશ્રુતિરૂપે આંખમાંથી ભાવાશ્રુ સરી પડે...

જે સત્સંગ સાહિત્યનો સમૃદ્ધ ઈતિહાસ સૌને વાંકિયા પધારવા પ્રેરણા આપે છે, એ મહાપવિત્ર તીર્થ અને પ્રાચીન ધામની આપણા પૂર્વજોએ અને આપણે ઉપેક્ષારૂપ અવગણના કરી. જો કોઈ એક વર્ષ પહેલા આ ધામના દર્શન કરવા ગયા હોત તો નિરાશા સાથે નિસાસો નાંખતા બોલત : “અરે ! આ ધામની આવી કરુણ સ્થિતિ !!” હૃદયને બાળી નાંખત.

મોકાખાચરની પ્રબળ નિયમની અડગતા, મહામુક્તરાજ રાજબાની ત્યાગવૃત્તિ સાથે કઠિન છેડાવ્રત તથા ઉન્મત્તગંગાના ઉદ્‌ગમસ્થાન વાંકિયા સાથે સંકળાયેલી અમરગાથાઓ શહેરે-શહેર, ગામડે-ગામડે, ઘરે-ઘરે ગવાય છે એજ વાંકિયાધામની ઐતિહાસિકતાનો પ્રત્યક્ષ પુરાવો છે. પરંતુ વાંકિયાધામની મહત્તાની માળા ફેરવનારાઓ પણ વાંકિયાધામના ભાગ્યને મૂળ રૂપમાં ફેરવી ન શક્યા.

વાંકિયાધામ કેવળ વક્તાઓની કથા સરિતાના પ્રવાહમાં વહી ગયું, સંપ્રદાયના ઈતિહાસના અમરપૃષ્ઠો પર સદા અલંકૃત બનીને રહી ગયું. પરંતુ વાંકિયાધામના ભવ્ય ભૂતકાળને પુનર્જીવિત કરી અનંત ભવિષ્ય સાથે જોડવા કોઈ તૈયાર ન થયું.



# વર્તમાન વાંકિયા ગામ અધ્યાત્મના અનેરા વિકાસના પંથે...

ઈતિહાસની **કરવટ** બદલાણી, સંપ્રદાયમાં અનેક ચઢાવ અને ઉતાર આવ્યા અને જતાં રહ્યાં. અનેક ઘટનાઓ કાળના ભંડારમાં ક્યાંય દબાઈને ધરબાઈ જતી રહી, પરંતુ જગતની કેટલીક **ચિરંતન ઘટનાઓ** ઈતિહાસ પર પોતાનું આધિપત્ય જમાવીને હજારો વર્ષો સુધી છવાઈ રહી છે. એવી જ એક ચિરંતન ઘટના એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનન્ય **ભક્તિનિષ્ઠા**નું તથા **શીલવ્રત સહિત** કઠિન **તપશ્ચર્યાનું પ્રયાગતીર્થ** વાંકિયાધામ....

સત્સંગસાહિત્યના સદ્‌ગ્રંથોમાં મોકાખાચરની ૫૦૦ માળા ફેરવવાની દૃઢ ટેકની વાતો તથા તેમના પુત્રી રાજબાના એકજ શબ્દે બળીને ભડકો થઈ જતી ચુંદડીની વાતો શ્રવણ કરતાં, વાંચન કરતાં ઉત્કંઠા જાગે કે વાંકિયા ક્યાં હશે ? કેવું હશે ? વટેમાર્ગુઓને પૂછતાં પૂછતાં તેમની સલાહ લેતા અનેક યાત્રીઓ અમરેલી પાસે આવેલ બાબાપુર વાંકિયા પહોંચતા. પરંતુ ત્યાં મોકાખાચરના કોઈ સ્મૃતિચિહ્નો ન મળતાં, મહામુક્તરાજ રાજબાની કોઈ સ્મૃતિ ન મળતાં અને કદાચ થોડી ઘણી કહેવાતી સ્મૃતિઓ મળી. પરંતુ તેનાથી ઈતિહાસની કોઈ તથ્યતા સાબિત ન થતાં યાત્રાળુઓ અસંતોષ અનુભવતા. ત્યાંની ભૂમિને શ્રદ્ધાથી મસ્તક નમાવતા, યાત્રિકોનું સંશયશીલ મન માનતું ન હતું. ચિત્ત ચોટતું ન હતું કે દિલ લાગતું ન હતું કે અહિં પરબ્રહ્મ આવ્યા હશે ? શું હકીકતમાં મોકાખાચર અને રાજબાનું જન્મસ્થાન આ જ વાંકિયા હશે ?

ઘણાં આવ્યા ને ગયાં પણ કોઈએ સ્વીકાર્યું નહિ કે પરબ્રહ્મ પુરુષોત્તમની ચરણરજથી પાવન બનેલ વાંકિયા તે જ આ બાબાપુર વાંકિયા હશે...!!!

પરંતુ સત્સંગના ઈતિહાસને વર્તમાનનાં પૃષ્ઠો પર લાવવાની જેમને હામછે, વર્ષોથી સૂતેલા ઈતિહાસને જાગતો કરવાની જેમના હૃદયમાં હેમ છે એવા સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વિચરણ કરતા કરતા બાબરા પાસે આવેલ વાંકિયા પહોંચ્યા (હાલમાં **સુખપુર વાંકિયા** તરીકે ઓળખાય છે.) વાંકિયાની ધરતી પર પગ મૂકતા જ અનેરી અનુભૂતિ થઈ. જર્જરીત

અવસ્થામાં આંસુ સારતું મોકાખાચરના દીકરા ઘેલાખાચરે બનાવરાવેલું પ્રસાદિના દરબારગઢની સામે ઊભેલું જૂનું **શ્રી સ્વામિનારાયણ મંદિર** નિહાળ્યું. દરબારગઢની અંદર પ્રવેશ કરી મહામુક્તરાજ રાજબાના એ મહાપ્રાસાદિક ઓરડાના દર્શન કર્યા તેમજ મોકાખાચરના અતિ પ્રસાદિભૂત **દરબારગઢ** તથા **ઓરડાઓ**ના દર્શન કર્યા ને તુરંત જ મન માની ગયું કે સંપ્રદાયના શાસ્ત્રોમાં જેની ગાથાઓ લખાણી છે, જેની કથાઓ વર્ષોથી સંપ્રદાયના સંતો-ભક્તો ગાતા આવ્યા છે તે જ આ **'વાંકિયાધામ'** છે.

પૂ. સ્વામીનું હૃદય કકળી ગયું..., ઓ...હો... સંપ્રદાયના રત્નસમાન આ તીર્થરાજની આવી અવદશા ?? એજ ક્ષણે હૃદયમાં નક્કી કરી લીધું કે આ તીર્થરાજને આપણે ફરી બેઠું કરવું છે. શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત પરમભક્તરાજ શ્રી મોકાખાચર અને મહામુક્તરાજ **રાજબા**ની સ્મૃતિઓને ફરી જીવંત કરવી છે.



દૃઢ સંકલ્પ કર્યો અને વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની અનુમતિની સાથે રૂડા આશીર્વાદ ભળ્યા ને પૂ. સ્વામીના ઉત્સાહને વેગ મળ્યો.

ઉનાળાના ભરબપોરે પાણીની આશાથી રણમાં દોડતાં હરણાને પાણીનો વીરડો મળી જાય અને જેમ હાશકારો થાય તેમ પૂ. સ્વામીના **વાંકિયાધામ** વિકાસના **સંકલ્પ**થી ગામના સત્સંગી હરિભક્તો (ખાસ કરીને મોકાખાચરના વંશજો)ને શીતળતાનો અનુભવ થયો. જોતજોતામાં તો પૂ.સ્વામીના માર્ગદર્શન અને સંપૂર્ણ સહકારથી જૂના મંદિરની જગ્યામાં આશરે ૨૦ લાખના ખર્ચે સુંદર **ભવ્ય નયનરમ્ય મંદિર** તૈયાર થઈ ગયું. મંદિરમાં રમણીય કાષ્ઠકલાથી ઓપતા સિંહાસનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રતિમા-અર્ચા સ્વરૂપ પધરાવવામાં આવ્યું. તા. ૧૦થી ૧૬-૫-૨૦૧૦ સુધી ભવ્ય મહોત્સવનું આયોજન થયું. અને જોતજોતામાં તો મૂર્તિ પ્રતિષ્ઠાનો દિવસ આવી ગયો. તા. ૧૬-૪-૨૦૧૦ દ્વિ. વૈશાખ સુદ - ૩ના રોજ પ્રાતઃકાળે શુભ ચોઘડીયે વેદપુરુષો દ્વારા **પ્રતિષ્ઠાવિધિ**ની પૂજા આરંભાઈ. આજે મંદિર ભક્તમેદનીની ભીડથી સાંકડું લાગતું હતું. સૌના હૈયા ભક્તિના નીતરતા નીર પીવા આતુર હતા. વાતવારણમાં ભક્તિની ભાવમય સૂરાવલી સાથે વૈદિક મંત્રોનું મંગલગાન પ્રસરી રહ્યું હતું.



સૂર્યના કિરણો વાંકિયાધામની ધરતી પર હજુ પડ્યા જ હતાં ત્યાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણના નવમા વંશજ **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** મંદિરમાં પધાર્યા. જાણે સવા બસો વર્ષ પહેલાનો ઈતિહાસ દૃષ્ટિગોચર થતો હોય તેમપ.પૂ. લાલજી મહારાજશ્રીમાં સૌને ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન થયા. મોકાખાચર તથા રાજબાને સૌએ સંભાર્યા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર**નો બ્રહ્મઘોષ કર્યો ને મંદિર **જયજયકાર**થી ગૂંજી ઊઠ્યું. **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ **પ્રાણ પ્રતિષ્ઠાવિધિ**ની શરૂઆત કરી. દર્શકોના નેત્રો સ્થિર હતા, હૃદય સ્તબ્ધ હતા. આ તો કોઈ અદ્‌ભુત છબિ છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીના મુખચંદ્ર પર આમ તેમ ફરતું આનંદનું મૂર્ત સ્વરૂપ જોઈને આંખો અપલક બની જતી... 'વાહ... વાહ... અહો... અહો...' સિવાય કોઈ શબ્દો આજે સંભળાતા ન હતાં.




પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ થયો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ **'પ્રતિષ્ઠાની મહાનિરાજન'** કરી ત્યારે ભક્તરાજ મોકાખાચર તથા રાજબાના પરિવાર સાથે ભક્તોની આંખો ભાવનાથી છલકાઈ રહી હતી. અંગ અંગ આનંદથી તરબતર થઈ રહ્યા હતા. સંતોના હૃદયમાંથી **ભાવનારૂપી અર્ઘ્ય** વહી રહ્યું હતું.



વાંકિયા ગામ ફરી ધામરૂપ બની ગયું. આ દિવ્ય બ્રહ્મસ્પંદનોને વહાવનાર પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણોમાં ભક્તજનો ગદ્‌ગદ્‌કંઠે કૃતજ્ઞતાપૂર્વક **ભાવવિભોર** બની રહ્યા.

દિવ્ય-નવ્ય-ભવ્ય મંદિરના કળશોએ **અવિનાશીના આગમનના એંધાણ** આપ્યા. કીર્તિધ્વજ ફરકી ઊઠ્યો અને **વાંકિયા બની ગયું તીર્થધામ...**



# વાંકિયા ગામમાં અનેકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણનું સત્સંગ વિચરણ : તવારીખ

**સં. ૧૮૬૩ : સૌપ્રથમવાર ભગવાન શ્રી સ્વામિનારાયણનું વાંકિયામાં આગમન....**

ભગવાન શ્રી સ્વામિનારાયણે કાલવાણી ગામમાં **પાંચસો પરમહંસોને 'પરમહંસ'**ની દીક્ષા આપીને ત્યાંથી નીકળી માળિયા, લાઠોદર, માંગરોળ અને લોજ થઈ પંચાળા આવ્યા.

પંચાળામાં પાંચ દિવસ રોકાઈને સૂતરેજ, બાલાગામ, માણાવદર, ગણોદ રોકાયા. પછી જાળિયાથી ભાયાવદર થઈ ઉપલેટા પધાર્યા. ત્યાં એક હજાર ઘડાથી સ્નાન કર્યું, રસોઈ જમીને ભાડેર, ધોરાજી, ગાલોળ, તોરી, દેરડી થઈ કોટડા થઈને શ્રીજીમહારાજ વાંકિયા પધાર્યા.

ભગવાન શ્રીહરિના આગમનના સમાચાર સાંભળી વાંકિયા દરબાર **મોકાખાચર** તેમના ભાયાતો વગેરેને સાથે લઈ ઘોડેસવારો, પદાતિઓ વગેરે સાથે બંદુકોના અવાજ કરતા, ઢોલ, તાંસાના નાદ અને શરણાઈના સૂરથી વાતાવરણને મંગલમય બનાવતા ભગવાન શ્રીહરિનું સામૈયું કરવા નીકળ્યા. કાઠી રાજવીઓના ચળકતા ભાલા, કેડે શોભતી સોનાની મૂઠવાળી તલવારો, પીઠે બાંધેલી ગેંડાની ઢાલ અને રાંગમાં શોભતી રેવાળ ચાલે ચાલતી કેસર, બોદલી, ફૂલમાળ આદિ ઘોડીઓનો સાજ-સમુદાય ભગવાન શ્રીહરિને સન્માનવા ઊપડ્યો.

શ્રીજીમહારાજનું ભવ્ય સ્વાગત-સામૈયું કરીને મોકાખાચરે ભગવાન શ્રીહરિને દરબારગઢમાં ઊતારો કરાવ્યો. રાજાએ તથા બીજા ભક્તોએ પુષ્પહાર, ગજરા, વસ્ત્રો, આભૂષણો વગેરેથી શ્રીજીમહારાજની પૂજા કરી. ભગવાન શ્રીહરિની સાથે આવેલા સંતો-ભક્તોને જુદી જુદી જગ્યાઓમાં ઉતારો કરાવ્યો. મોકાખાચરને શ્રીજીમહારાજ પ્રત્યે **અનેરો ભક્તિભાવ** હતો. ભગવાન શ્રીહરિને તેમના પ્રત્યે ભાવ હતો. આ ભાવના બંધનમાં બંને બંધાયા. આજે તેમને માટે પુણ્યનો અવસર હતો.

પછી મુકુંદાનંદ બ્રહ્મચારીએ સુંદર રસોઈ તૈયાર કરી, તેથી શ્રીહરિ જમવા પધાર્યા. શ્રીહરિ જમ્યા પછી સંતો-હરિભક્તોને ભાવપૂર્વક પીરસીને શ્રીહરિએ જમાડ્યા. પછી શ્રીજીમહારાજ વાંકિયાથી વિદાય થઈ મોકાખાચરના ભાઈ ઓઘડખાચરના ગામ ખંભાળા પધાર્યા.



**સં. ૧૮૬૪ :**

સં. ૧૮૬૪ના શ્રાવણ મહિનામાં **કરીયાણા** ગામમાં વાંસળી વગાડી, કાળુ મકવાણાના પૂર્વજોનો મોક્ષ કરી ત્યાંથી ભગવાન શ્રીહરિ વાંકિયા પધાર્યા હતા. મોકાખાચર આદિક ભક્તોએ શ્રીજીમહારાજને ખૂબ સેવા કરી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

**સં. ૧૮૬૪ :**

જામનગરમાં જામસાહેબના મહેલમાં પધરામણી કરી શ્રીજીમહારાજ **પંચાળા** પધાર્યા. ત્યાં થોડા દિવસ રોકાઈને પીપલાણા, જૂનાગઢથી થાણાગાલોળ, દેરડી થઈ કોટડા થઈને વાંકિયા પધાર્યા. ત્યાં એક દિવસ રોકાઈને ત્યાંથી ખંભાળા પધાર્યા.

**સં. ૧૮૬૮ :**

સં. ૧૮૬૯ના વર્ષમાં થનાર ભયંકર દુષ્કાળની જાણ કરવા માટે ભગવાન શ્રીહરિ **સોરઠ** જવા નીકળ્યા ત્યારે ગઢડાથી નીકળી વાંકિયા પધાર્યા હતા.

**સં. ૧૮૭૧ :**

સં. ૧૮૭૧નો વડતાલમાં દિવાળીનો અન્નકૂટોત્સવ કરવા જવાનો નિર્ણય લીધો. કપિલા છઠ્ઠના ઉત્સવમાં **પંચાળા**થી ઠાકોર ઝીણાભાઈ પણ ગઢપુર આવ્યા હતા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! અમારે ગામ પંચાળા પધારો.''

શ્રીજીમહારાજ કહે : ''ભલે, અમો પધારીશું.''

એટલે ઝીણાભાઈ કહે : ''મહારાજ ! મોટીબા, લાડુબા વગેરે બાઈઓને પણ સાથે લાવવાના છે તેથી તેમને પણ હું કહી આવું જેથી તેઓ સૌ તૈયાર થાય.''

તે સાંભળીને ભગવાન શ્રીહરિએ કહ્યું : ''ત્યાં બાઈઓનું કાંઈ કામ નથી. અમે, સંતો તથા કાઠી દરબારો તમારે ગામ આવીશું.''

આટલું કહીને શ્રીજીમહારાજ તો થાળ જમવા પધાર્યા. થાળ જમીને મહારાજ પંચાળા જવા માટે ગઢપુરથી નીકળ્યા. સાયંકાળે **વાંકિયા** પહોંચ્યા. મોકાખાચરના **દરબારગઢ**માં રાત રોકાયા. શ્રીજીમહારાજે પૂછ્યું : ''ઝીણાભાઈ આપણી સાથે કેમ નથી ? આગળ નીકળી ગયા છે કે શું ?''

એટલે સુરાખાચરે કહ્યું : ''ઝીણાભાઈ તો ગઢડા રોકાયા છે અને જીવુબા, લાડુબા આદિક બાઈઓને સાથે લઈને આવે છે.''

ભગવાન શ્રીહરિને આ ગમ્યું નહિ.

એટલામાં ઝીણાભાઈ આવ્યા. બાઈઓને અતિ આગ્રહ કરી વેલમાં બેસારી સાથે લાવ્યા હતા. શ્રીજીમહારાજે તેમને કહ્યું : ''અમે ના પાડી હતી ને ?'' પરંતુ ઝીણાભાઈ કાંઈ બોલ્યા નહિ. ભગવાન શ્રીહરિએ તરત જ કહ્યું : ''કાલે સવારે આપણે પાછા ગઢપુર જવું છે.'' આ સાંભળી ઝીણાભાઈ શ્રીજીમહારાજ પાસે આવ્યા અને ચરણ પકડી માફી માંગી. પરંતુ ભગવાન શ્રીહરિએ કહ્યું : ''અમારી રુચિ જોઈને જ ભક્તિ કરવી, ઝીણાભાઈ ! અમે ના પાડી હતી છતાં તમે માન્યું નહીં. હવે અમે પંચાળા નહીં આવીએ.''

વાંકિયાથી થાળ જમીને શ્રીજીમહારાજ સંતો-ભક્તો, કાઠી દરબારો સાથે ગઢપુર પાછા પધાર્યા.

આવું થવાથી ઝીણાભાઈને પારાવાર દુઃખ થયું હતું. (આવા જ એક પ્રસંગની દીલગીરીની વાત સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને લોયા પ્રકરણના ચોથા વચનામૃતમાં કરી છે. પરંતુ એ પ્રસંગ સં. ૧૮૭૭ની સાલનો આનાથી બીજો જ પ્રસંગ છે.)

**સં. ૧૮૭૭ :**

સં. ૧૮૭૭ના શ્રીજીમહારાજે પંચાળામાં હરિજયંતિ ઉત્સવ કર્યો. એક મહિનો સુધી પંચાળામાં રોકાઈને ચૈત્ર સુદ - ૧૦ને દિવસે ત્યાંથી નીકળ્યા.



માણાવદર, ગણોદ, જાળિયામાં મંદવાડ ગ્રહણ કર્યો. ત્યાંથી ઉપલેટા, ઝાંઝમેર, દૂધીવદર, બંધિયા, નવાગામ, પીપળિયા થઈ ભગવાન શ્રીહરિ **કોટડા** પધાર્યા.

કોટડા (પીઠા)માં ગામના માલિક - વાળા કાઠીના દરબારમાં **રાત્રિરોકાણ** કરીને શ્રીજીમહારાજ **વાંકિયા** પધાર્યા. મોકાખાચરે રાજદ્વારને ફરતો **કોટ** કરાવ્યો હતો ત્યાં બે ઘડી દિવસ રહ્યો ત્યારે ઊતર્યા. કોટ બૂરજ બધું જોયું ને ઉપર ફર્યા. મોકાખાચરે શ્રીહરિનો કહ્યું કે તમે અહીંયા

રહેશો, એમજાણી કોટ કર્યો છે. ગઢપુરમાં તમારો ધાર્યો કોટ દેશપતિ થવા દે નહિ. જો કે અનંત બ્રહ્માંડના જીવના નાડી પ્રાણ તમારા હાથમાં છે, છતાં ડરીને ચાલવું એ બહુ ભારે ગુણ છે ને તમારા વિના બીજા કોઈનામાં એવો ગુણ નથી.

મોકાખાચર કહે જીવ માયાના ગુણે કરીને સંસારને પામે છે ને **સંસારથી ડરે છે ત્યારે સત્સંગ કરે છે.** સત્સંગની પ્રથા જેવી શુદ્ધ ને નિર્દોષ છે તેવી પ્રથા બીજે ક્યાંય સાંભળી નથી. શ્રીહરિ કહે **અમને ગઢપુર જેવી બીજી કોઈ ભૂમિપ્રિય લાગતી નથી.** અમને તે મૂકીને બીજે જવું ગમતું નથી, તે ભૂમિ એવી **બળવાન** છે. અમે ક્યાંય બંધાયા નથી. **ભગવાનની કથા વાર્તામાં જ શોખ માનીએ છીએ.** તેનો જોગ જેવો ગઢપુરમાં છે તેવો બીજે નથી. **ભગવાનના ધામમાં જેવું સુખ છે તેવું જ સુખ ભગવાન ને ભગવાનના અવતાર ને ભગવાનના ભક્તોના કથા કીર્તનમાં આવે છે.** પણ જે જે અવતારો થયા તેમાં તેના ભક્તોને તે તે અવતારના ચરિત્રમાં રસ મનાયો છે તેવો બીજામાં મનાતો નથી. એવી અનાદિની રીત છે. પોતપોતાના ઈષ્ટની સમાન બીજા કોઈને સમજે નહિ અને પોતાના ઈષ્ટ સ્વયં બીજાને અધિક કહે તો પણ તેનું મન ભમે નહિ. **દરેક અવતાર પ્રથમના પોતાના અવતારોને અધિક કહે છે. તેથી કરીને તેમનો મહિમા ઘટતો નથી.** એમ વાત કરી, રાત રહીને શ્રીહરિ ગઢપુર આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૧૨૬)

**સં. ૧૮૮૧ :**

શ્રીજીમહારાજે ગઢપુરમાં મંદિર કરવા માટે જીવાખાચર પાસે જમીનની માંગણી કરી. પરંતુ જીવાખાચરની ઈચ્છા જમીન ન દેવાની જણાતા ભગવાન શ્રીહરિ બીજા ગામોમાં મંદિર કરવા માટે જમીન જોવા માટે ફર્યા હતા. તેમાં બોટાદ, કારિયાણી, લોયા, નાગડકા, કરિયાણા, કોટડા થઈને વાંકિયા ગામમાં જમીન જોવા પધાર્યા હતા. ત્યારે મોકાખાચરે શ્રીજીમહારાજને ગામમાં અલગ-અલગ જગ્યાઓ બતાવી હતી.

**સં. ૧૮૮૪ :**

જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા કરવા જતાં શ્રીજીમહારાજ ગઢપુરથી નીકળીને વાંકિયા પધાર્યા હતા. અહિં એક રાત્રિ મોકાખાચરના દરબારગઢમાં નિવાસ કરીને જૂનાગઢ પધાર્યા હતા.

**સં. ૧૮૮૬ : વાંકિયામાં છેલ્લીવાર શ્રીજીમહારાજની પધરામણી...**

સં. ૧૮૮૬ના રાજકોટમાં ગવર્નર સર માલ્કમના અતિ આગ્રહથી શ્રીજીમહારાજ તેઓને રાજકોટ દર્શન દેવા માટે ગઢપુરથી પધાર્યા હતા. સાથે બંને આચાર્યશ્રીઓ, મોટા સદ્ગુરુઓ, પાર્ષદો, દાદાખાચર, સુરાખાચર વગેરે કાઠી દરબારોને પણ લીધા હતા.

ફાગણ સુદ - ૨ને બપોરે શ્રીજીમહારાજ ખંભાળા પહોંચ્યા. ખંભાળામાં વાંકિયાના મોકાખાચરના ભાઈ ઓઘડખાચર રહેતા હતા. ઓઘડખાચરે તેમના ચાર પુત્રો નાગ, માણસિયો, ભાયો અને ગોદડને સાથે લઈને પાદરમાં ભગવાન શ્રીહરિના દર્શન કર્યા. ત્યાં મહારાજને રોકીને ગામમાંથી રસોઈ બનાવીને લાવીને ઓઘડખાચરે શ્રીજીમહારાજને તથા કાઠી દરબારોને જમાડ્યા. પછી શ્રીજીમહારાજ ત્યાંથી વાંકિયાને માર્ગે ચાલ્યા. દાદાખાચર ભગવાન શ્રીહરિના મેનાની સાથે ઘોડી ઉપર ચાલતા હતા. રસ્તામાં શ્રીજીમહારાજે ડુંગરાની ધાર ઉપર પાળિયા ખોડેલા દીઠા. એટલે મહારાજે દાદાખાચરને પૂછ્યું : **"ધિંગાણામાં આટલા બધા મરાણા હશે ?"** ત્યારે દાદાખાચરે કહ્યું : "મહારાજ ! ધિંગાણાનો કાંઈ મેળ નહીં. જે મરે તેનો પાળિયો ખોડે એવો અમારી ન્યાતમાં રિવાજ છે."

ભગવાન શ્રીહરિ આ સાંભળી હસ્યા અને કહ્યું : "લોકમાં અજ્ઞાન કેટલું છે કે દેહનો સંબંધ છૂટે તોય તેને સંભારી સંભારીને દુઃખી થાય."

એટલામાં સામેથી અસવારો આવતા દીઠા. એટલે શ્રીજીમહારાજે પૂછ્યું : "આ કોના અસવારો આવે છે ?"

ત્યારે કરીમભાઈએ કહ્યું : "મહારાજ ! એ તો વાંકિયાના અસવારો આપની સામા આવે છે."

ભગવાન શ્રીહરિનો મેનો જોઈ ઘેલાખાચરે પોતાની ઘોડી દોડાવી અને શ્રીજીમહારાજ સન્મુખ એકદમ આવી ગયા.

દૂરથી શ્રીજીમહારાજને આવતા જોઈને ઘેલાખાચરે પોતાની ઘોડી દોડાવી અને મહારાજ સન્મુખ આવી ગયા. ઘોડી ઉપરથી ઊતરીને મહારાજને પગે લાગ્યા. શ્રીજીપ્રભુએ તેમને પૂછ્યું : "મોકાખાચર ઘેર છે ?"

ત્યારે ઘેલાખાચરે કહ્યું : "મહારાજ ! બાપુ તો રાજકોટ ગયા છે. પરંતુ આપે વાંકિયા પધારવાનું છે." એટલું કહી તેમણે તેની ઘોડી દોડાવી. સવારો પણ તેમની પાછળ ગયા. વાંકિયામાં જઈ સામૈયાની તૈયારી કરી. તે બધા પાદરમાં ઢોલ, ત્રાંસાં, શરણાઈયું વગાડતા ઊભા રહ્યા. ભગવાન શ્રીહરિનો સંઘ નીકળ્યો ત્યારે મહારાજે જોયું કે **ઘેલાખાચરમાં બાપના સંસ્કાર પૂરા ઊતર્યા છે.** હવે તો વાંકિયા જવું જ પડશે. શ્રીજીમહારાજે કરીમભાઈને કહ્યું : "આ સામૈયામાં હરિભક્તો આવ્યા છે તેમની પાછળ પાછળ મેનો ચલાવો, વાંકિયામાં રોકાવું પડશે." એટલે કરીમભાઈએ મહારાજની આજ્ઞા પ્રમાણે મેનો વાંકિયાના માર્ગે ચલાવ્યો. સંઘ બધો પાછળ આવ્યો.

ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે **મોકાખાચર**ના **દરબારગઢ**માં પધાર્યા. ઉત્તરાદા બારના ઓરડામાં

શ્રીજીમહારાજ માટે ઢોલિયો બિછાવીને તૈયાર જ રાખ્યો હતો. ભગવાન શ્રીહરિ મેનામાંથી ઊતર્યા. બ્રહ્મચારીએ હાથ-પગ શુદ્ધ જળથી ધોવરાવ્યા. કોરા રૂમાલથી લૂછ્યા. પછી શ્રીજીમહારાજ ઢોલિયામાં બિરાજમાન થયા. સંતો-હરિભક્તોની સભા મહારાજ સન્મુખ થઈ. ભગવાન શ્રીહરિના મુખ ઉપર મુસાફરીનો શ્રમદેખાતો હતો. વળી, માંદગીને લીધે શરીર પણ કૃશ થઈ ગયું હતું. છતાં થોડી જ્ઞાનવાતો કરી. પછી ઉત્તરાદિ કોરે મસ્તક રાખી, દક્ષિણાદિ કોર ચરણારવિંદ અને આથમણી કોર મુખ રાખી પોઢી ગયા.

એટલામાં આનંદાનંદ સ્વામી થાળ તૈયાર કરીને શ્રીજીમહારાજને બોલાવવા આવ્યા. ભગવાન શ્રીહરિ જમવા પધાર્યા. આનંદાનંદ સ્વામીએ ભારે ભારે પકવાનો તૈયાર કર્યાં હતાં. સ્વામીએ ભગવાન શ્રીહરિને થાળ પીરસ્યો. જેટલા પકવાનો બનાવ્યાં હતાં તે બધાં જ થાળમાં મૂક્યાં. પરંતુ શ્રીજીમહારાજ તો ફક્ત બાટી અને રીંગણાંનો ઓળો જમ્યા. પછી દાળ અને ભાત તેમાં થોડું ઘી નંખાવીને જમ્યા. પછી ચળું કરીને મુખવાસ લઈને થાળની પ્રસાદી ઘેલાખાચરને આપી. ભગવાન શ્રીહરિ પોતાના ઓરડામાં પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

થોડીવારમાં ઘેલાખાચર તથા તેમના માતુશ્રી સોઢીબા શ્રીજીમહારાજ પાસે આવ્યાં અને મહારાજને હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું : ''હે મહારાજ ! સંતો-પાર્ષદો માટે શીરા-પૂરીની કે લાડુની કે કંસારની રસોઈ બનાવવાની આજ્ઞા આપો.''

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''એમાંનું એકે નથી કરવું. દાળ-રોટલા જ કરાવો.!''

તે સાંભળી ઘેલાખાચરના માતુશ્રીએ કહ્યું : ''મહારાજ ! દરબાર ઘેર નથી ને અમે સાધુને રોટલા-દાળ જમાડીએ તો અમને ઠપકો આપે ને ! માટે દયા કરીને આજ્ઞા આપો.''

પરંતુ શ્રીજીમહારાજે કહ્યું : ''મોકાખાચરને કહેજો કે મહારાજે આજ્ઞા કરી હતી તે પ્રમાણે સાધુને જમાડ્યા છે. માટે જલદી દાળ-રોટલાની તૈયારી કરો.''

તેઓ નિરાશ થઈને ગયા. તેઓ નીકળ્યા એટલે **મહાનુભાવાનંદ સ્વામી** દાખલ થયા. તેમણે કહ્યું : ''મહારાજ ! સાધુ થોડા છે અને પાર્ષદો ઝાઝાં છે, તો બે ચોકા કરવા પડશે.''

ભગવાન શ્રીહરિ મહાનુભાવાનંદ સ્વામીના શબ્દો સાંભળી હસ્યા અને તરત જ કહ્યું : ''સ્વામી ! **ગુરુ-ચેલા બધા જ રસોઈ કરવા મંડી પડો તો સાધુ ઓછા નહીં પડે.** ગુરુને બેસી રહેવું છે અને બે ચોકા કરાવવા છે. માટે ઝટ તૈયારી કરવા માંડો.''

મહાનુભાવનંદ સ્વામી હસતાં હસતાં નીકળી ગયા.

રસોઈ તૈયાર થઈ એટલે પ્રથમ સાધુની પંક્તિ થઈ. શ્રીજીમહારાજ પંડે પીરસવા પધાર્યા. તે વખતે ઘેલાખાચરે

**અનુસંધાન પેજ - ૩૩ પર...**



## વાંકિયાના સહજાનંદી સિંહણ, નૈષ્ઠિકવ્રતની મહાન મૂર્તિસમા

# મુક્તાત્મા રાજબા : એક આદર્શ જીવનગાથા



**ભારતવર્ષ** એટલે 'यत्र नारी पूज्यते ।' એ શ્રુતિનું ઉદ્‌ભવ સ્થાન.

'स्त्री हि ब्रह्मा बभूविव ।' - બ્રાહ્મણ ગ્રંથોમાં આ શબ્દો લખાયા છે તે બહું ઊંડાણપૂર્વક લખાયા છે. શ્રુતિ-સ્મૃતિમાં, ઉપનિષદોમાં આ શબ્દોથી લોપામુદ્રા, રોમસા, ઘોષા, સૂર્યા, અપાલા, વિમોલા, સાવિત્રી, યમી, વિશ્વંભરા, શ્રદ્ધા, કામાયની, દેવયાની, ઉદ્દાલિકા, આર્તભાગા, વિદગ્ધા, અશ્વલા, ગાર્ગી અને મૈત્રેયી જેવી અનેક વિદુષીઓની ઉન્નત **બ્રાહ્મી સ્થિતિનું અનુમાન** કર્યું છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય ઋષિના સંવાદનું વર્ણન છે. રાજા જનકના સમગ્ર સામ્રાજ્યમાં યાજ્ઞવલ્ક્ય સાથે ચર્ચા કરી શકે તેવો એકપણ વિદ્વાન બ્રાહ્મણ નહોતો. આવા યાજ્ઞવલ્ક્યજીની સાથે બ્રહ્મ-પરબ્રહ્મના તત્ત્વજ્ઞાનની શ્રેષ્ઠ ચર્ચા કરીને ગાર્ગીએ એક નારી વિદુષીનું ઉદાહરણ પુરું પાડ્યું છે. મૈત્રેયી માટે ઉપનિષદમાં 'ब्रह्मवादिनी' શબ્દ પ્રયોજ્યો છે. એક સ્ત્રી માટે 'ब्रह्मवादिनी' શબ્દનું પ્રયોજન ભારતીય સંસ્કૃતિ સિવાય અન્ય કોઈ સંસ્કૃતિમાં જોવા મળતું નથી. **ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી ક્યારેય અબળા નથી રહી.** તેમ છતાંય ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન દરમ્યાન આવો સુવર્ણમય ભૂતકાળ અજ્ઞાન અને જડતાના અંધકારમાં ગરકાવ થવા લાગ્યો હતો. **૧૮મી સદી**માં મોગલ શાસનના સ્થાપન પછી ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ વધારે **દયનીય** બનવા લાગી હતી, સ્ત્રીઓ પરના અત્યાચારો, સ્ત્રીઓ પરનું દમન જેમ ભાદરવામાં ભીંડો વધે તેમ વધવા લાગ્યું હતું.

પરંતુ ૧૮મી સદીના અંતમાં આ અમાનુષી અત્યાચારોમાં અંત લાવવા માટે પૂર્ણ પુરુષોત્તમનારાયણ **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય** થયું. અને સ્ત્રીઓના ઉદ્ધારનું એક **જબરજસ્ત આંદોલન** છેડ્યું :

(૧) **દૂધપીતી પ્રથા** : સૌપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિમાં બાળકીને દૂધપીતી કરી દેવાની **અમાનુષી પ્રથા** આવી. આ બાબતને અટકાવવા સૌથી પહેલો કોઈએ પ્રયત્ન કર્યો હોય તો તે હતા ભગવાન શ્રી સ્વામિનારાયણ. દીકરી જન્મે તો તેને **લક્ષ્મીનો અવતાર** માનવાની **મહાભારત કાળની વાત**ને ભગવાન શ્રીહરિએ **પુનર્જીવિત** કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સરધારના તત્કાલીન રાજા તોંગાજી અને વેરાજીતને તેમના ભાયાતો નવજાત બાળકીને દૂધમાં ડૂબાડીને તેમની હત્યા ન કરે તે માટે સમજાવ્યા હતા. તેમજ ગોંડલના રાજા હઠીસિંહના દરબારમાં જઈ રાજ્યના ગરાસિયાઓ **દીકરીની હત્યા ન કરે તે માટે** સમજાવ્યા હતા. શ્રીહરિચરિત્રામૃતસાગર તથા સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે બંધિયાના રાજાને **દૂધપીતી પ્રથા બંધ કરવા** સમજાવ્યા છે એવા વર્ણનો છે. ડભાણ અને જેતલપુરના યજ્ઞ પછી શ્રીજીમહારાજે જાતે જ **કન્યાદાન** કર્યા હોવાના પ્રસંગો સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે.

ગુજરાતના સમર્થ ચિંતક **શ્રી કિશોરલાલ મશરુવાલા** ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ બાબતનો **એક પ્રસંગ** નોંધે છે : ''એક કાઠીને મહારાજ બાળકીની હત્યા ન કરવાની આજ્ઞા કરે છે. પરંતુ કાઠી આ આજ્ઞા પાળવાનો ઈન્કાર કરે છે ત્યારે મહારાજ આકળા થઈને તેને કહે છે કે જો તમે અમારી આ આજ્ઞા નહીં પાળો તો અમે તમારું કલ્યાણ નહીં કરીએ.''

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે સારાયે ભારતમાંથી બાળકીને દૂધપીતી કરવાની પ્રથાને જડમૂળમાંથી ઊખેડીને નાબૂદ કરી દીધી.

(૨) **સતી પ્રથા :** ૧૮મી સદીમાં જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તેને ફરજીયાત સતી થવું પડતું હતું. બાળલગ્નને કારણે ખૂબજ નાની વયમાં સ્ત્રીઓ વિધવા થતી, વિધવાઓ પર કડક અંકુશો લદાતા. તેનું દર્શન પણ શુભકર્મને નાશ કરનારું મનાતું. આવા કડક અંકુશો અને માન્યતાઓથી ત્રાસ પામી સ્ત્રીને મને-કમને પણ સતી થવું જ પડતું. આવા સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણે સતીપ્રથા દૂર કરી વિધવાઓને **સન્માનભેર જીવન** જીવી શકે તેવું **વાતાવરણ** ઊભું કર્યું. શ્રીજીમહારાજે વિધવાને ક્યારેય અમંગળ ગણી નથી. તેમણે વિધવાને **'સાંખ્યયોગી'** કહીને સંબોધી. જે જમાનામાં સધવા સ્ત્રીઓ વિધવાને જોઈ દૂર ભાગતી તેને બદલે તેઓ સાંખ્યયોગી બહેનો પાસે જ્ઞાન મેળવવા જતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે 'સતી' શબ્દનો સુંદર અર્થ કરતાં કહ્યું છે : **'સત્'** એટલે પરમાત્મા, **'ઈ'** એટલે **ગતિ.** અર્થાત્ જે સ્ત્રીની ગતિ ભક્તિમય મન દ્વારા પરમાત્મા સુધી વહેતી હોય તે **'સતી'.**

વિધવા જો ઈચ્છે તો પુનર્લગ્ન કરી શકે તેવી વાત કરીને ભગવાન શ્રીહરિએ **મદયયુગ**ની **કાયાપલટ** કરી. શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી નોંધે છે કે, શ્રીજીમહારાજે પંચાળામાં એવું કહ્યું હતું કે, ''જો કોઈ વિધવા ઈચ્છે તો તેણે **પુનર્લગ્ન** કરવા પણ પુનર્લગ્ન માટે તેને કોઈએ દબાણ ન કરવું કે ફરજ ન પાડવી. અને જો તેણે પુનર્લગ્ન ન કરવા હોય તો **સાંખ્યયોગી** તરીકે જીવન જીવવું.'' આવી વાત કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે વિધવાઓનું માન સમાજમાં ખૂબ વધાર્યું.

## સ્ત્રીઓની આધ્યાત્મિક ઉન્નતિનાં પ્રદાતા : ભગવાન શ્રી સ્વામિનારાયણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આદરેલા સ્ત્રી-ઉત્કર્ષના કાર્યને આજનો કેટલોક સમાજ સમાજસુધારણાના સીમિત ભાગરૂપે જ જુએ છે, પરંતુ શ્રીજીમહારાજનો અવતાર **સમાજસુધારણા** માટે જ નહીં, પ્રત્યેક માનવીની **આત્મસુધારણા** માટે હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણનું લક્ષ્ય કેવળ સદાચાર પ્રવર્તન સુધીનું જ નહોતું. અને તેથી જ શિક્ષાપત્રીમાં રાજાનો ધર્મ, સાધુના ધર્મ, બ્રહ્મચારી આદિકના ધર્મ લખ્યા પછી વિધવા સ્ત્રીઓના પણ ધર્મો લખ્યા. આ વાત એજ બતાવે છે કે ભગવાન શ્રીહરિએ સમાજ જેને તિરસ્કાર કરીને હડધૂત કરતો હતો તેવી વિધવા સ્ત્રીઓની પણ **ઉન્નતિના પ્રદાતા** બન્યાં.

અને સાથે સાથે સ્ત્રીઓને ભક્તિની સાચી રીત પણ શીખવી જેથી અનેક સ્ત્રીભક્તો સંસારમાંથી વિરક્ત બની તે સમયની કહેવાતી જડતાપ્રધાન મર્યાદાઓ ઓળંગીને પરણેલા પતિનો ત્યાગી કરી **'ત્યાગાશ્રમ'** સ્વીકારીને સાંખ્યયોગી તરીકે જીવન વિતાવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પુરુષોત્તમપણાને પારખીને **અનેક સ્ત્રીભક્તો**એ તેમના વચને પોતાના જીવનને **જોળીયા પક્ષીની જેમ** અધ્યાત્મમાર્ગમાં પડતું મૂક્યું હતું. લાડુબા, જીવુબા, રાજબા, પાંચુબા, મીણબાઈ, ઉદેપુરના મહારાણી ઝમકુબાઈ, ધરમપુરના રાજમાતા કુશળકુંવરબાઈ, જેતલપુરના ગંગામા, કુંડળના રાયબા, ભુજના લાધીબાઈ, કરણીબાઈ, અવલબાઈ, વખતબાઈ, અમૃતબાઈ, જાનબાઈ, મોટા રામબાઈ આદિક સેંકડો સ્ત્રીભક્તોએ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનન્યભાવે આરાધના કરીને **અધ્યાત્મની ઉચ્ચસ્થિતિ** પ્રાપ્ત કરી હતી.

તો આવો...!! તેમાંના એક પરબ્રહ્મ સાથે ઐક્યપણાને પામેલા અને વચનસિદ્ધ એવા **મહાન સ્ત્રીભક્ત** વાંકિયાના **રાજબાના પાવક પ્રસંગો**ને આ અંકના માધ્યમથી આપણે સહુ **સવિશેષ** માણીએ...

વાંકિયા ગામનું નામ સંભળાય એટલે તુરંત જ સ્મૃતિપટ પર **વાંકિયા** ગામનું પાદર તરી આવે. પાદરમાં જ જેમણે ભગવાન શ્રીહરિને પોતાનું તન-મન-ધન સર્વસ્વ અર્પણ કરી રાખ્યું હતું તેવા દરબાર મોકાખાચરનો ઓટો દૃષ્ટિ સમક્ષ આવીને ઊભો રહે. જસદણ અને કોટડા પીઠા પાસે આવેલું ગઢપુર પ્રદેશનું ગામ **'રાજબાનું વાંકિયા.'**

ધન, ધાન્ય અને ધર્મ સંપત્તિઓથી સમૃદ્ધ **ગોકુળીયું** એવું **'વાંકિયા'** ગામ સહજાનંદી પારમહંસ્ય ફોજના પાદારવિંદથી અંકિત રજે રજમાંથી દિવ્યતાના સ્પંદનો આજેય પણ ગૂંજવી રહ્યું છે. સાગર જેવા અમાપ સત્સંગમાં વાંકિયા ગામ અને મહામુક્ત રાજબા સિક્કાની બંને બાજુની જેમ અન્યોન્યાશ્રયરૂપે પ્રતિષ્ઠિત થયા છે. જાણે આજેય એ મહામુક્ત **સહજાનંદી સિંહણ** વાંકિયાના કણકણમાં વ્યાપીને રહ્યા ન હોય ? મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીની **અગણિત મીરાંઓ**માં વાંકિયાના **રાજબા**ની ગણના પ્રભુની માળાના મણકામાં **અગ્રેસરપણે** થાય છે.

વાત છે આ વાંકિયાના સત્સંગી નરેશ દરબાર શ્રી **મોકાખાચર** અને રાણીબા **સોણબા**ની કોડભરી કુંવરી **રાજબા**ની. રાજબાનો જન્મ થયો ત્યાં તો આખાએ વાંકિયા ગામમાં **આનંદ ઉત્સવના તોરણ** બંધાયા, ખુશી અને

વધામણાના **વાજાં** ગડગડ્યાં, ચોમેર **ઉમંગના ઓઘ** વળ્યા. રાજબાનું રતિને પણ શરમાવે તેવું રૂપ, સાક્ષાત્ શચિ જેવું સૌંદર્ય, સીતા અને દ્રૌપદી જેવા ગુણ, ગાર્ગી જેવું જ્ઞાન અને ખળખળ વહેતા ઝરણાથીયે અદકેરો તેમનો રમતિયાળ સ્વભાવ. બધાય તેને વ્હાલથી **'રાજુ'** કહીને બોલાવતા. પોતે રાજકુમારી છે, સહજ છે કે જન્મથી જ રાજસમૃદ્ધિમાં ઉછરેલ હોવાથી તેમનામાં રજોગુણ હોય જ. પરંતુ આ મુક્તરાજ કાંઈક નોખી માટીના જ હતાં. અત્યંત સુખ-સમૃદ્ધિના રાજવૈભવમાં ઉછરેલા રાજબા બાળપણથી જ રજોગુણની તીવ્ર એલર્જીના અનુરાગી હતાં.

બાળપણમાં મહામુલા રાજવી રમકડાઓને બદલે લાલજીની નાનકડી મૂર્તિ સાથે રમ્યા કરતા હતાં. **"લાલા ! મારી સાથે રમવું તને ગમે છે ને ?** લાલા ! **તમે જો દૂધ નહીં પીવો તો** તમારી સાથે અબોલા કરીશ...!!!" વગેરે પ્રેમભીના શબ્દો સાંભળી પિતા મોકાખાચર તથા માતા સોણબા અચંબામાં મૂકાઈ જતા. આ છોડીની એકેય ક્રિયા સાંસારીક નથી, એવા વિચારોનો વંટોળ માતા-પિતાને વારંવાર અસ્તવ્યસ્ત કરી દેતો.

રાજબાના આવા ભક્તિના સદ્‌ગુણો તથા સંસ્કારો પાછળ કારણભૂત ગઢપુરના દાદાખાચરની બહેનો મુક્તરાજ જીવુબા અને લાડુબાની કૃપાદૃષ્ટિ જ હતી. ગઢપુર ગામના દરબાર જીવાખાચરના ધર્મપત્ની **'શ્રીકુંવરબા'** અને રાજબાના માતુશ્રી **'સોણબા'** આ બંને સગા બહેનો હતા. આથી કુંવરબા એ રાજબાના સગા માસીબા થાય. આથી માતુશ્રી સોણબા સાથે રાજબાને અવાર-નવાર ગઢપુર જવાનું થાય. અને ગઢપુરમાં



મુક્તાત્મા જીવુબા અને લાડુબા પાસે બેસી શ્રીજીમહારાજના મહિમાની વાતો સાંભળે. એક તો સરસ મજાનું અમૃત જેવું દૂધ હતું અને તેમાં સાકર ભળી, એમ રાજબા જન્મસિદ્ધ ભગવાનમાં પ્રેમભક્તિથી જોડાયેલા હતા. એમાં જીવુબા, લાડુબા જેવા મહાન મુક્તાત્માઓનો યોગ થયો. લાડુબાના બે હાથ રાજબા ઉપર હતા. રાજબા, લાડુબા અને જીવુબાને માસીબા કહેતા હજુ ભગવાન શ્રીહરિના દર્શન પણ થયા નથી ત્યાં શ્રીજીમહારાજમાં અગાધ પ્રેમ થઈ ગયો. હવે રાજબાને ક્યારેય માતા-પિતાની યાદ આવે નહિ, ક્યારેય તેને સાહેલીઓ યાદ આવે નહિ. જ્યારથી સમજણા થયા ત્યારથી જ બસ..., મહારાજ..., મહારાજ...!!!

## મા ! મારા માટે હવે સંસાર હરામ છે...!!!

એક વખતની સુમાર છે. માતા સોણબાની સાથે નાના એવા રાજુ ગઢપુર ગયા છે. સોઢીબા સત્સંગી છે તેથી પોતાની લાડલી દીકરીને સાથે લઈને શ્રીજીમહારાજ અને મોટીબાના દર્શન કરવા લઈ જાય છે. મોટીબા દરબારગઢની અંદર બહેનોની સભામાં બેઠા છે. સોણબાએ રાજુને મોટીબાના ચરણમાં મૂક્યા છે અને મોટીબાની નજર આ નાની બાળકી પર પડી. મોટીબાએ તેમના પર હાથ મૂક્યો અને કહ્યું : **"આ તો મહારાજના પ્રેમની પુતળી છે, આના પ્રાણમાં મહારાજ સિવાય બીજું કંઈ છે જ નહીં !"** સમર્થ મુક્તાત્મા એવા મોટીબા - જીવુબાના આ વચનો નાના એવા રાજબાએ સાંભળ્યા છે. એ શબ્દોએ નાના એવા રાજબાની ભીતરના બ્રહ્મરસને જગાડ્યો ને તેમના પ્રાણ સુધી આ વચનો પહોંચ્યા. અને ત્યારથી જ નાના એવા રાજબાના શ્વાસોશ્વાસમાં શ્રીજીમહારાજ વણાઈ ગયા. પિતા મોકાખાચર અને માતા સોણબાના હૃદયમાં ભય પેસી ગયો કે આ છોકરી હવે સંસારમાંથી નકામી થઈ જવાની છે.

મોકાખાચરને ત્રણ સંતાનો છે - એક પુત્ર અને બે પુત્રીઓ. પુત્ર ઘેલાખાચર મોટા સંતાન છે છતાં પણ 'રાજુ હવે સંસારમાંથી ઉદાસ થવા લાગી છે તેથી હવે સંસારમાં નહીં રહે' એવા ભયથી બંને સંતાનો કરતા રાજબાને વધારે સાચવે છે. માતા-પિતા રાજુને લાડકોડથી ઉછેરે છે. પરંતુ રાજુ ભરનિદ્રામાં સુતી હોય અને નિદ્રામાં પણ ભગવાન શ્રીહરિ સાથે વાતો કરે. રાજબાઈ થોડા મોટા થયા. માતા-પિતાએ તેમને રમવા માટે રજવાડી રમકડાંઓ લાવી આપ્યા. પરંતુ રાજબા તો એકેય રમકડાં સામું જોતાં પણ નથી. **આખોય દિવસ મૂર્તિ સાથે જ રમે.** ક્યારેક પ્રેમથી લાલજીનો ગાલ તાણે, તો ક્યારેક મહારાજને ચીણોટી ભરે, લાલજીને પહેરાવેલા વસ્ત્રને ખેંચે અને કહે : "મહારાજ ! બોલો તો ખરા ! તમને મારી સાથે રમવાનું ગમે છે કે નથી ગમતું ? જો તમે મારી સાથે નહિ બોલો તો હું પણ તમારી સાથે આજથી નહિ બોલું." શ્રીજીમહારાજ અને

રાજબાઈની આ **રમત** જોઈને માતા-પિતા ચિંતામાં ગરકાવ થઈ જતા કે, "અરે ! આ દીકરીનું શું થશે ?"

આમ, ભગવાનની સાથે ગેલ કરવામાં જ રાજબાના રાત્રિ-દિવસ વિતે છે. રાજબા હવે અગિયાર વર્ષના થયા છે. એક દિવસ રાજબા પોતાના ઓરડામાં દરરોજની જેમ લાલજીની મૂર્તિને લઈને રમતા હતાં. દરબારગઢમાં બધાજ પરિવારજનો પોતપોતાના કામમાં પરોવાયેલા હતા. એવામાં અચાનક અવાજ આવ્યો : "મા ! ઝટ આવો... ઝટ આવો..." માતુશ્રી સોણબાના કાને આ અવાજ અથડાયો. સોણબા એકદમ ઝબકી ગયા અને અવાજને પારખ્યો કે આ તો મારી લાડકવાઈ દીકરી રાજુનો અવાજ છે. "અરે ! કોઈ છે ? દાસીઓ દોડો... મારી રાજુને કાંઈ થઈ ગયું લાગે છે !" બૂમો પાડતી માં દોડીને રાજબાના ઓરડામાં પહોંચી. મા-દીકરીની બૂમો સાંભળીને આખાય દરબારગઢના પરિવારજનો એકદમ ભેગા થઈ ગયા. "શું થયું ? શું થયું ?" બધાજ કુતુહલથી એકબીજાને પૂછવા લાગ્યા. તેટલામાં રાજબા અતિ આનંદમાં ઉછળતા ઉછળતા ઓરડાની બહાર આવ્યા ને માતા સોણબાનો હાથ પકડીને કહેવા લાગ્યા : **"મા ! મને તેજ તેજના અંબારમાં ભગવાનના દર્શન થયા.** અને જો મા ! **મેં લાલજીને ધરાવેલો દૂધનો વાટકો પણ મહારાજ પ્રગટ થઈને પી ગયા."** માતા સોણબા અને દરબારગઢના બધાજ સભ્યો આશ્ચર્યમાં ડૂબી ગયા. બધાએ નક્કી કરી લીધું કે આ છોકરી સાધારણ માનવબાળ નથી. પણ કોઈ મહાન મુક્તાત્મા છે. હવે તો રાજબાને દરરોજ મહારાજના **પ્રગટ દર્શન** થવા લાગ્યા. દરરોજ મહારાજ મૂર્તિમાંથી પ્રગટ થઈને દૂધ આરોગવા લાગ્યા.

એક દિવસનો સુમાર છે. લાલજીની મૂર્તિની સાથે ગેલ કરતા રાજબાને બોલાવીને પાસે બેસારી તેમના માથા પર વ્હાલથી હાથ ફેરવી માતા સોણબા કહે છે : "બેટા રાજુ ! તને ખબર છે ? તું મોટી થઈ ગઈ છે. તું આખો દિવસ લાલજીની મૂર્તિની સાથે જ રમે છે. તારે હવે રસોડામાં આવીને રસોઈ કરતા શીખવું જોઈએ, ઘરકામ કરતા શીખવું જોઈએ, કાલે તારે પારકે ઘેર જવાનું થશે. અને જો બેટા ! તારા બાપુ, તારા લગ્નની ચિંતા કરે છે, તારા માટે તારે યોગ્ય સારો મુરતિયો શોધે છે."

રાજબા ગંભીર થઈ ગયા, છણકો કરીને બોલ્યા : "મા ! મારે નથી પરણવું. મારે તો જીવુમાસી અને લાડુમાસીની જેમ અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળીને શ્રીજીમહારાજનું ભજન કરવું છે." આટલું કહેતા તો રાજબાની કોમળ આંખોમાંથી ટપટપ બોર જેવા આંસુની ધાર થઈ.

"પણ બેટા ! તું હવે યુવાનીના ઊંબરે ઊભી છો !" માએ સમજાવતા કહ્યું.

"મા ! મારું યૌવન તો મેં મહારાજને માટે જાળવ્યું છે." રાજબાએ રડતાં રડતાં કહ્યું.

"પરંતુ બેટા ! સંસારની રીત પ્રમાણે કોઈક પુરુષને તો તારે વરવું જ પડશે ને ?"

"મા ! ચૌદ લોકમાં મને કોઈ પુરુષ જ દેખાતો નથી. શ્રીજીમહારાજ સિવાય કોઈ પુરુષ જ નથી, તો હું કોની સાથે પરણું ? હું તો મહારાજને વરી ચૂકી છું. મા !"

"ચૌદ લોકમાં સર્વે અબળા, તેને વરીને ખોટી થાવું રે..., મા હું સમજી છું આવું રે..." રાજબાએ મક્કમતાથી કહ્યું.

રાજબાના શબ્દો સાંભળતા જ માતા સોણબાના મનમાં ઊંડી ધાસ્તી પેઠી. 'હજુ તો રાજુ નાની છે, અણસમજણે કે જીવુમાસીના સત્સંગના કેફે આવું બોલતી હશે...' એમ મનને મનાવ્યું અને વિચાર્યું કે 'બાળહઠ છે ને ચટકીનો વૈરાગ્ય છે, તેથી રાજુ આવું બોલે છે. પરંતુ થોડી મોટી થશે એટલે આપમેળે જ સંસારની રીત સમજી જશે.' આમવિચારી માતા સોણબા ચૂપ થઈ ગયા અને કહ્યું : "તો ભલે બેટા ! તારા મનમાં આવે તેમ કરજે."

થોડા દિવસો વિત્યા એટલે રાજબા માસીબાના ઘેર ગઢડા ગયા. નાના એવા રાજબાને પ્રેમથી ઠાકોરજીની સેવા કરતા અને સ્તુતિ કરતા જોઈને માસી **કુંવરબા** ખૂબજ રાજી થયા અને કહ્યું : "બેટા રાજુ ! તું નાની વયમાં ઠાકોરજીની આટલી બધી સેવા કરે છે, તેથી તારા ઉપર હું બહુજ રાજી થઈ છું."

ત્યારે રાજબા કહે : "માસીબા ! **જો તમે રાજી થયા હો તો** તમારી પાસે **મન ખોલી એક વચન માંગું છું** કે, તમે મારા માતુશ્રીને સમજાવજો કે મારું સગપણ ન કરે. હું જ્યારથી સમજણી થઈ છું ત્યારથી મને ઠાકોરજીની સેવાની લગની લાગી છે. અને ત્યારથી મને **સંસારસુખ ઝેર જેવું** થઈ ગયું છે. અને સંસારમાં ન પડવું ને લાડુમાસીબા અને જીવુમાસીબાની જેમ **અખંડ બ્રહ્મચર્ય** પાળવાની **ભીષ્મપ્રતિજ્ઞા** કરી છે."

રાજબાની દઢતાને પારખીને માસીબાએ કહ્યું : "તું ચિંતા કરીશ નહીં બેટા ! તારી માતાને હું જરૂર સમજાવીશ."

થોડા દિવસ લાડુબા-જીવુબા પાસે રહી, સત્સંગ કરીને રાજબા **વાંકિયા** આવ્યા.

## મા ! બળી તારી ચુંદડી...!!!

રાજબાનો વૈરાગ્ય દિવસે દિવસે રંગ પકડતો જાય છે. હવે તો રાજબા બહુ મૂલ્યવાન વસ્ત્રો પણ પહેરતા નથી. જાડા વસ્ત્રો પહેરવાનું હવે શરુ કરી દીધું છે. ઢોલિયા ઉપર સૂવાનું છોડી દીધું, ગાલમસૂરીયા, ગાદલા આદિક શરીરને સુખ આપે તેવા

પદાર્થોનો સખત ત્યાગ કરી દીધો. હવે તો પિતા તેમજ ભાઈ સિવાય કોઈ પુરુષ સાથે બોલતા પણ નથી. રાજબાના આવા વર્તનને જોઈને માતા-પિતા તો બહુજ ચિંતામાં પડી ગયા. 'આ છોડીના હાથ પીળા કરવામાં જ આપણું સારું છે, જો હવે વાર લગાડીશું તો આ છોડી વૈરાગણ થઈ જશે.' માતા સોણબા તેમના પતિદેવ મોકાખાચરને કહે છે.

જોતજોતામાં તો મોકાખાચરે રાજબાનું સગપણ તેમને પૂછ્યા સિવાય ઘુઘરાળા ગામે દરબાર રામ જેબલીયા સાથે કરી નાંખ્યું. અને ઘુઘરાળાથી સસરા પક્ષ તરફથી રાજબા માટે ચુંદડી ને દાગીના આવેલા. તે લઈને માતુશ્રી સોણબા રાજબાના ઓરડામાં આવ્યા. રાજબા તો લાલજીની સાથે **ગમ્મત** કરી રહ્યા છે, રમી રહ્યા છે. દીકરીની આવી **પાગલ જેવી સ્થિતી** જોઈને માની આંખોમાં અશ્રુના બિંદુઓ આવી ગયા. આંસુ લૂછીને માતાએ રાજબાને ભાવસમાધિમાંથી ઢંઢોળ્યા. "બેટા રાજુ ! શું કરે છે ? તું તો લાલજીની પાછળ **બાવરી** બની ગઈ છે. તારે જમવું નથી ?" એમ કહીને માએ દીકરીના માથા પર વ્હાલથી હાથ ફેરવ્યો.

"મા ! જુઓ, આજે લાલજીએ કેવા સરસ વસ્ત્રો પહેર્યા છે, બહુ રૂપાળા લાગે છે ને ?"

"હા...હા ! બેટા ! આજે તો લાલજી બહુ જ શોભે છે હો." માતાએ આશ્વાસન આપતા કહ્યું.

પછી ધીરે રહી ડરતાં ડરતાં કહ્યું : "બેટા રાજુ ! તને ખ્યાલ છે, તારા પિતાએ તારો સંબંધ જેની સાથે કર્યો છે, તે પણ બહુજ રૂપાળો છે અને મો...ટ..ટો... ગરાસદાર છે."

ત્યારે રાજબા છણકો કરીને પાછુ વાળીને જુએ છે અને માતાને કહે : **"મા ! તમે શ્રીજીમહારાજના આશ્રિત છો ?"**

"હા, બેટા ! આપણે તો શ્રીજીમહારાજના જ આશ્રિત છીએ ને ! અવારનવાર જીવુબા-લાડુબા પાસે બેસી સમાગમ પણ કરીએ છીએ." માતાએ કહ્યું.

"તો, મા ! મને તો એમ લાગે છે કે ભગવાન શ્રીહરિએ, લાડુમાસીએ, જીવુબામાસીએ જે જ્ઞાન આપ્યું છે તે જ્ઞાનને તમે પચાવી શક્યા નથી. તમે જો સાચો સત્સંગ કર્યો હોત તો તમારા મુખે મહારાજ સિવાય અવર પુરુષની પ્રશંસા થઈ જ ન શકે. અને તમે એક કાકવિષ્ઠા તુલ્ય જગતના જીવની પ્રશંસા કરો છો ! જગતનો પુરુષ મોટો તે કેવો મોટો ? તે શું મારા મહારાજ સાથે આવે ખરો ? સાંભળી લે મા ! મને તો આ ચૌદ લોકમાં સર્વે અબળા દેખાય છે. એક મારા મહારાજ સિવાય જગતમાં બીજો કોઈ પુરુષ જ નથી. હું તો સમજણી થઈ ત્યારથી જ મહારાજને પરણી ચૂકી છું. તેમની દાસી થઈ ચૂકી છું. અને તમે મને કોની સાથે પરણાવશો ? જેની સાથે પરણ્યા પછી ક્યારેય રંડાપો ન



આવે તેવા તો એક મારા મહારાજ છે !''

માતા ખૂબ સમજાવે છે કે, ''બેટા ! તારે પરણવા તૈયાર થવું જ પડશે, તારા જેવી રાજકુંવરીને ઘેર રાખવી તે યોગ્ય ન કહેવાય.''

''મા ! યાદ રાખજે, આ જગતના અધમપુરુષને વરવા કરતા હું વિખ ખાવું વધારે પસંદ કરીશ. આ જગતના માયાવી પુરુષને વરીને શું કરવાનું ? જો તું મને વધારે કહીશ તો હું આ પગલું ભરીશ. મહારાજ સિવાય હું બીજા કોઈને નહિ પરણું. તારે મને સાસરે જ મોકલવી છે ને ? તો હું મારા સાસરે જ ગઢડા જઈને રહીશ. લાડુમાસી-જીવુમાસી સાથે રહી તેમની સેવા કરીશ, સમાગમ કરીશ અને શ્રીજીમહારાજનો મહિમા વધારે ને વધારે સમજીશ. અને મા સાંભળ ! જેમ જીવુમાસી અને લાડુમાસી બ્રહ્મચર્યને પાળે છે તેમ હું પણ બ્રહ્મચર્ય પાળીશ.'' રાજબાએ મક્કતાથી કહ્યું.

માતા સોણબા કહે છે : ''બેટા ! તું ગાંડી થઈશ નહિ, જીવુબા અને લાડુબા તો શ્રીજીમહારાજના મુક્ત છે. તેમની વાત આપણાથી ન થાય. તેઓ બ્રહ્મચર્ય પાળી શકે, પણ કળિયુગમાં આપણાથી તે ન થાય. તું એ વાત છોડ હવે, અને જો બેટા રાજુ ! તારા માટે સાસરીયામાંથી આ ચુંદડી આવી છે, જો તો ખરી !''

આ શબ્દો સાંભળતા જ રાજબા ઊભા થઈ ગયા અને ઉગ્રસ્વરે બોલી ઊઠ્યા : **''મા ! બળી તારી ચુંદડી...!!! મારી નહીં.''**

અને આટલું જ કહેતાની સાથે સામે પટારા પર રાખેલી સસરા પક્ષમાંથી આવેલી કિંમતી રજવાડી નવી નકોર ચુંદડી ભડ..ભડ... બળવા લાગી. આ ઘટના જોઈને માતા-પિતા ચિંતાની ઊંડી ગર્તામાં ગરકાવ થઈ ગયા. રાજુ હજુ નાની છે, અણસમજુ છે. અને તેને સંસારની ગતાગમક્યાંથી હોય ! આખું જીવન એ એકલી કોના સથવારે વિતાવશે ? એકલવાયું એના અંતરાત્માને કોરી ખાશે. એ તો ના કહે પણ આપણે સમજાવીને એને પરણાવી દઈએ, પરંતુ ભૂલ્યે પણ એ બોલી ઉઠે કે **'બળ્યો વર તારો..,'** તો તો મોટો અનર્થ થાય. માટે થોડા દિવસ રાજુને પરણવાની વાત કહેવી નહિ એવું માતા-પિતાએ નક્કી કર્યું.

આ પ્રસંગ બન્યા પછી રાજબા બહુ **ઉદાસ** થઈ ગયા અને **માતા-પિતા સાથે બોલવાનું પણ બંધ** કરી દીધું. માતા-પિતા મૂંઝાઈ ગયા કે, 'રખે રાજુ કોઈ અજુગતુ પગલું ન લઈ લે.' રાજબા રાજી રહે તે માટે થોડા દિવસ તેમને ગઢડા લાડુબા-જીવુબા પાસે મોકલવાનું નક્કી કર્યું. રાજબાને વાત કરી એટલે તે તો બહુ રાજી થઈ ગયા. તેમને તો **'ભાવતું'તું ને વૈદે કહ્યું'** એવું થયું. રાજબા ગઢડા આવ્યા. જીવુબા-લાડુબાની પાસે રહી સત્સંગ કરે, ભગવાન શ્રીહરિના મહિમાની વાતો સાંભળે છે. એમ આનંદમાં ભજન-ભક્તિ કરતા થોડા દિવસો વિત્યાં.

## મારે તો વાંકિયાના ઝાડવાં પણ નથી જોવા...!!!

રાજબા તો ગઢડામાં રહીને ભજન-ભક્તિ-સત્સંગ કરે છે. આ બાજુ વાંકિયામાં માતા-પિતાએ ઘુઘરાળાના **રામજેબલીચા** સાથે લગ્ન લઈ લીધા. તિથિ-વાર નક્કી થઈ ગયા. પિતા મોકાખાચરે કાગળ લખીને રાજબાને તેડવા માટે માણસ મોકલ્યો. રાજબાએ કાગળ વાંચ્યો ને ક્રોધના આવેશમાં આવી કાગળ લાવનારને કહ્યું : ''હું તો સગપણ કરવાની જ ના પાડતી આવું છું, બીજા પાસે પણ ના પડાવી છે, છતાં **મારું સગપણ** કર્યું છે **એ મને માન્ય નથી.!''**

''અરે ! મારે તો **વાંકિયાના ઝાડવાં પણ જોવા નથી.** જાઓ કહી દેજો મારા પિતાને કે રાજબા હવે પોતાના સાસરે પહોંચી ચૂક્યા છે. હવે તેઓ પીયર આવવા માંગતા નથી.''

માણસે તો વાંકિયા આવીને સમાચાર આપ્યા. રાજબાનો વળતો ઉત્તર સાંભળીને મોકાખાચર તો ગળી ગયા અને વિચાર કર્યો કે ઘોળ્યું : ''રાજુ ભલે ગઢડા રહીને ભજન કરે. પરંતુ લગ્ન લેવાઈ ગયા છે તેનું શું ? કાલે સવારે વેવાઈ પક્ષ જાન લાવીને ઊભા રહેશે. હું શું જવાબ આપીશ એમને ?'' આ વિચારમાં મોકાખાચર **ચિંતામગ્ન** થઈ ગયા. રાત્રે નિંદ્રા આવતી નથી, દિવસે ચેન પડતું નથી. રાજ્યકારભારમાં ક્યાંય મન લાગતું નથી. સગા-સંબંધીઓ મેણા મારવા લાગ્યા છે કે 'દીકરીને પરણાવવી ભારે પડતી હતી એટલે ગઢડા સ્વામિનારાયણ પાસે મોકલી દીધી.' સગા-સંબંધીઓના મેણા હવે મોકાખાચરથી સહન થતા નથી. પત્ની સોણબાને પુત્રીપ્રેમ પણ ધીરજ રહેવા દેતો નથી. મોકાખાચર ઘર બહાર જાય તો સગા-સંબંધીઓના મેણા અને ઘેરે આવે તો પત્ની સોણબાની દીકરીને ઘેર પાછી લાવવાની એકજ વાતે મોકાખાચરના મનને વિચારોના ચક્રાવામાં નાંખી દીધું. અંતે હારીને ગઢડામાં રહેલા પોતાના સગા અને રાજબાના માસાકાકા જીવાખાચરને ભલામણ કરી કે, તમે શ્રીજીમહારાજ પાસે જાઓ અને રાજબાને સમજાવી વાંકિયા પાછા મોકલો.

જીવાખાચરે તથા અન્ય સગા-સંબંધીઓએ દાદાખાચરના દરબારગઢમાં આવીને રાજબાને મનાવવાનો ખૂબજ પ્રયત્ન કર્યો. રાજબાએ ઉદાસ ચહેરે નીચું જોઈ આંખોમાંથી આંસુ પાડતા બસ એટલું જ કહ્યું : ''હું કોઈ વાતે પરણવાની નથી, તેમજ ઘેર પણ જવાની નથી. આ મારો નિશ્ચય છે.'' સગા-સંબંધીઓ ભગવાન શ્રીહરિ પાસે ગયા

અને રાજબાને સમજાવવા કહ્યું.

ત્યારે શ્રીજીમહારાજે રાજબાને કહ્યું : "રાજબા ! મા-બાપની આજ્ઞામાં રહેવું એજ પુત્રીનો ધર્મ છે. માટે તમારે ઘેર જાઓ અને માતા-પિતા કહે ત્યાં પરણો. અને પરણ્યા પછી ક્યાં ભગવાન ભજાતા નથી ? શું માથું મુંડાવ્યે જ કલ્યાણ થાય છે ? **શુદ્ધભાવે પ્રભુને ભજવાથી કલ્યાણ થાય છે.** માટે મારા વચને તમે ઘેર જાઓ."

રાજબા કહે : "મહારાજ ! **ન પરણવું** એ મારી **ભીષ્મપ્રતિજ્ઞા** છે !"

મહારાજ કહે : "જો તમારે ભાવ શુદ્ધ હશે તો ભગવાન તમારી સહાય જરૂર કરશે, પણ અત્યારે તો અમારી આજ્ઞા છે કે તમે ઘેર જાઓ."

ત્યારે રાજબા પ્રાણપ્યારા મહારાજની સાથે બહુ **દલીલ** કરી શક્યા નહિ અને રડતાં રડતાં હાથ જોડીને કહ્યું : "કૃપાનાથ ! આપના વચને જાઉં છું, પણ સર્વ પ્રકારે મારી રક્ષા કરજો. અને મારા વ્રતની લાજ રાખજો, નિયમભંગ થવા દેશો નહિ." આમ કહી પંચાંગ પ્રણામ કરીને રડતી આંખે રાજબા સંબંધીઓ સાથે પોતાને ગામ વાંકિયા ગયા. માતા-પિતા તો વરસાદની જેમ રાહ જોઈ રહ્યા હતાં. રાજબા જેવા આવ્યા તે સાથે સર્વે સગા-સંબંધીઓ રાજી રાજી થઈ ગયા.

રાજબા તો પોતાના ઓરડામાં જ લાલજીની મૂર્તિ પાસે ચાલ્યા ગયા. માતા-પિતાને તો રાજબાને પરણાવવાનો આગ્રહ હતો એટલે થોડા દિવસમાં તો ઘુઘરાળાથી જાન વાંકિયાના પાદરમાં આવી ગઈ છે, અનેક રાજવીઓ આવ્યા છે, આખું વાંકિયા ગામ ભર્યું ભર્યું થઈ ગયું છે. ખૂબ ધામધૂમથી દીકરીના લગ્ન કરવાનું તાન માતા-પિતાને છે. અનેક પ્રકારના વાજિંત્રો વાગે છે, આખા ગામમાં હર્ષોલ્લાસ થવાઈ ગયો છે, પરંતુ આ બાજુ ઓરડામાં લાલજીની મૂર્તિની સામે બેસીને રાજબા ચોધાર આંસુએ રડે છે ને પ્રાર્થના કરે છે : "હે મહારાજ ! મારા વ્રતની લાજ રાખજો ! હું **જ્યારથી સમજણી થઈ છું ત્યારથી** મેં મારા **પિતા**નો પણ સ્પર્શ કર્યો નથી. મેં ક્યારેય મારા **ભાઈ** ઘેલાનો પણ **સ્પર્શ** કર્યો નથી. **આ શરીરને કોઈ પુરુષનો સ્પર્શ થવા દીધો નથી.** માટે **હે મહારાજ ! તમે મારી લાજ રાખજો."** આમ ભગવાન શ્રીહરિની **પ્રાર્થના** કરે છે.

આ બાજુ લગ્નમંડપમાં કન્યા પધરાવવાનો સમય થઈ ચૂક્યો છે. માતાએ સખીઓને કહ્યું : "તમે બધી સખીઓ મળીને રાજુને સમજાવીને ઉત્તમવસ્ત્રો-આભુષણો પહેરાવી સોળે શણગારથી શણગારીને લગ્નના માંડવે લઈ આવો."

સખીઓ દોડતી રાજબા પાસે આવી છે. "અલી ! જો તો ખરી, જાન આવી ચૂકી છે ને વરરાજો પણ મંડપમાં બેસી ગયો છે. હમણાં કન્યા પધરાવવાનો સમય થશે. અમે બધી સખીઓ તને તૈયાર કરવા માટે આવી છીએ, તું જલ્દી તૈયાર થઈ જા."

સખીઓના શબ્દો સાંભળતા જ રાજબા **સમાધીમાં** જતા રહ્યા. **લાકડાં જેવું શરીર** થઈ ગયું. સૌ સખીઓ મુંઝાઈ ગઈ. દોડતી આવી છે માતા પાસે. "બા...બા...! રાજબા તો થીજી ગયા છે, શરીર સાવ મડદાં જેવું થઈ ગયું છે. હાલો...! કાંઈક ખબર લો." પિતા મોકાખાચરને જબરું ધર્મસંકટ આવ્યું છે. તેઓ જાણતા હતા કે રાજબા હવે ક્યારે પાછા આવે તે કાંઈ નક્કી નહિ. બે-ચાર-પાંચ દિવસ કે અઠવાડિયું પણ થઈ જાય. આ બાજુ જાનને પાછી તો મોકલાય નહિ. પોતે ગરાસદાર હતા, પોતાની આબરું ખાતર એક દાસીને શણગારીને તૈયાર કરી. ત્યારના જમાનામાં ઘુમટાનો રીવાજ હતો એટલે ખબર તો પડે નહિ. દાસીને લગ્નમંડપમાં લાવવામાં આવી. તેની સાથે મૂરતિયાને ચાર ફેરા ફેરાવીને મુહૂર્ત સાચવી લીધું. આ વાતની કોઈને પણ ખબર પડવા ન દીધી.

બીજે દિવસે સવારે રાજબા સમાધિમાંથી બહાર આવે છે. જાન હવે પોતાને ગામ જવાની તૈયારી કરી રહી છે. માતા-પિતાએ રાજબાને ખૂબ સમજાવીને કહ્યું : "બેટા રાજુ ! તારે **અમારી આબરુને ખાતર પણ** સાસરે જવું પડશે." ન છૂટકે રાજબા સાસરે જવા તૈયાર થયા.

## વોય બા...પ... રે, આ...તો ખપ્પર જોગણી છે કે...!!!

પિયરમાંથી નીકળતાં રાજબાની આંખોમાંથી ચોધાર આંસુ પડવા માંડ્યાં. સ્ત્રીના જીવનમાં સૌથી વધારે આનંદનો દિવસ હોય તો તેના લગ્નનો દિવસ હોય છે. પરંતુ રાજબા માટે તો આજનો દિવસ મહાદુઃખનો દિવસ બની ગયો. તેમના મુખ પર જરાય હર્ષોલ્લાસ નથી. તેમને પિયર છોડવાનું દુઃખ નથી, પરંતુ તેમને તો એકજ દઃખ છે કે મારું વ્રતભંગ થાય તો આ જીવન નિષ્ફળ થાય. મનોમન શ્રીજીમહારાજને મનાવી પ્રાર્થના કરી રહ્યા છે. સતત ભગવાન શ્રીહરિનું સ્મરણ કરી રહ્યા છે. વેલડામાં બેઠા છે તોપણ આંખો બંધ કરીને હાથમાં માળા લઈને શ્રીજીમહારાજને સંભારી રહ્યા છે.

**'હો રસિયા મેં તો શરન તિહારી,**
**મેં અતિ દીન બાલક તુમ શરને,**
**નાથ ન દીજે અનાથ વિસારી...હો રસિયા..'**

આમને આમ કપરી સ્થિતિમાં રાજબા સાસરે આવ્યા. ઘુઘરાળા ગામની અનેક સ્ત્રીઓ રાજબા પાસે આવે છે. રાજબા તો રૂપ રૂપના અંબાર હતા. ગામની સ્ત્રીઓ તો રાજબાના રૂપને જોઈને પાણી પાણી થઈ ગઈ. જેબલીયા કુટુંબને ઠેરઠેરથી



વધાઈઓ આવવા લાગી. રાજબાનું મન તો સતત ગઢપુરમાં બિરાજતા ભગવાન શ્રી સ્વામિનારાયણમાં લાગેલું હતું. રાત્રિએ રાજબા રાજભવનમાં જઈ પોતે શૈય્યા પર બેસી ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા : ''હે કૃપાનાથ ! હે દીનદયાળ ! હે અનાથના નાથ ! **જેમ ભરસભામાં દ્રૌપદીની લાજ રાખી હતી તેમ મારી લાજ રાખજો.** હે પ્રભુ ! જેમ લાખાગૃહમાં પાંડવોનું રક્ષણ કર્યું હતું તેમ મારી રક્ષા કરજો, જેમ વણઝારા થકી ઉદેપુરના મહારાણી ઝમકુબાઈની રક્ષા કરી હતી તેમ મારી રક્ષા કરજો. હે દયાળુ ! હું અબળા - નિરાધાર છું, મારે કેવળ એક આપનું જ શરણું છે.''

**'પ્રભુ ! તમ વિના મારું કોણ છે,**
**તમે જાણો છો હરિ હરિ...'**
**'તુમહી માત-તાત પતિ બંધુ,**
**લાજ શરમ મેરી હૈ અબ તોઈ;**
**તુમ બીન પ્રભુ મેરે ઔર ન કોઈ...'**

''હે મહારાજ ! મને વિસારશો નહિ,'' રાજબા આમ ધ્યાનમાં બેસી શ્રીજીમહારાજને જ્યાં સંભારે છે ત્યાં તેમના પતિ રામજેબલીયા શયનગૃહમાં આવ્યા. મનમાં અનેક કોડ લઈને રામજેબલીયાએ શયનગૃહમાં પ્રવેશ કર્યો ત્યાં તો પલંગ પર રાજબાની જગ્યાએ મોટી **કેસરી સિંહણ**રૂપે દેખાયાં.

''વોય બા...પ... રે, ખાધો મર્યો...!!!'' આમ બોલતા દરવાજો પછાડીને ભાગ્યો. ઘરમાં **કોલાહલ** મચી ગયો. ફળીયામાં ઘરના સગા-સંબંધીઓ ભેગા થઈ ગયા. રામજેબલીયાને બે જણાએ પકડ્યો ને ઢંઢોળીને પૂછ્યું : ''અલ્યા ! શું થયું ?''

''એ બાપા ! આને કાઢો, આ...તો ખપ્પર જોગણી છે...!!!'' ત્રાડ નાંખીને રામજેબલીયો બોલ્યો.

મા-બાપ કહે : ''અલ્યા ! ગાંડો થઈ ગયો છો કે શું ? આ શું બોલે છે ? ''

રામજેબલીયો કહે : ''હા.. હા...! અંદર **ભયાનક સિંહણ** બેઠી છે. આને કાઢો અહીંથી, આ જો ઘરમાં રહેશે તો આપણું બધાનું મોત થાશે. જ્યાંથી લાવ્યો છો ત્યાં પાછી પહોંચતી કરી દો આને !''

બે-ચાર માણસો દોડીને ઓરડામાં જોવા ગયા છે ત્યાં તો પલંગ ઉપર **રાજબા** બેઠા છે. અને આંખો બંધ કરીને શ્રીજીમહારાજનું નામસ્મરણ કરી રહ્યા છે એવું દેખાણું.

તે લોકોએ બહાર આવી રામજેબલીયાને કહ્યું : ''તું ગાંડો થઈ ગયો છો, ઓરડામાં કોઈ સિંહણ નથી. ત્યાં તો રૂપરૂપના અંબાર જેવી



પુતળી બેઠી છે.''

પરંતુ રામજેબલીયો માનવા તૈયાર નથી. સગા-સંબંધીઓ સમજાવે છે ત્યારે તે ખૂબ અકળાયો ને બોલી ઊઠ્યો : **"તે સિંહણ હોય કે ન હોય પણ આજથી રાજબા મારી મા-બહેન છે."** એમ કહીને દૂરથી પગે લાગીને કહેવા લાગ્યો : ''આ તો **ભક્તાણી** છે, સીતાએ જેમ રાવણનો સંહાર કરાવી **રામાયણ** રચાવ્યું અને દ્રોપદીએ જેમ કૌરવનો સંહાર કરાવી **મહાભારત** રચાવ્યું તેમ આ પણ તમારા બધાનો સંહાર કરાવી **નિકંદન પુરાણ** રચાવશે. રાજબાને પગે લાગીને વાંકિયા વળાવી દ્યો, તો જ સુખી થશો !''

ઉપરોક્ત સિંહણરૂપે પોતાના પતિને રાજબાએ દર્શન દીધા તે વાતની નોંધ સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃત'** ગ્રંથમાં લેતા લખે છે :- જીવુબા કહે : ''હે હરે ! રાજબાઈ પતિને ભયંકર રૂપ દેખાડી, સાપ કાંચળી ઉતારે તેમ સર્વ સાંસારિક સુખનો ત્યાગ કરી પ્રભુ પરાયણ થયાં છે.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૪૦)

વળી, આ વાતની નોંધ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'ભક્તચિંતામણી'** ગ્રંથમાં લેતા લખે છે :-

**'હવે રાજબાઈની જે રીત, કહું પવિત્ર અતિ પુનિત;**
**મળ્યા જે દિના શ્રીમહારાજ, તજી તેદિ થકી લોકલાજ.**
**તેને મહારાજે મોકલાવ્યું કાવી, ભક્તિ તમારી મુજને ભાવી;**
**પણ માનવું એક વચન, પરણિ ભજવા શ્રીભગવન.**
**માનો આજ્ઞા અમારી આ વાર, નહિ તો થાશો સતસંગ બાર;**
**એવું આવ્યું બાઈને વચન, તેણે પીડા પામ્યાં તન મન.**
**પછી માતતાત કુળે મળી, કર્યો વિવાહ બાઈનો વળી;**
**પરણાવી સાસરે વળાવ્યાં, બાઈ સાસરાને ગામઆવ્યા.**
**દિઠું પુરુષે બાઈનું રૂપ, સિંહ સાદૃશ્ય ભાસ્યું સ્વરૂપ;**
**જોઈ પુરુષ પાછો જ ભાગ્યો, અતિ ડર મનમાંહિ લાગ્યો.**
**આ તો મનુષ્ય નહિ નિરધાર, કોઈ કારણિક અવતાર;**
**માટે વેલ્ય એની પાછી વાળો, જો મારું ભલું થાવાનું ભાળો.'**

(ભક્તચિંતામણી, પરચા પ્રકરણ : ૧૩૨/૧૯-૨૮)

## સ્વામિનારાયણ મારો ધણી છે અને મોટીબા મારા સાસુ, મા, માસી બધું જ છે...

જેમતેમકરીને રામજેબલીયાએ રાત્રિ પસાર કરી. સવારે જાગીને પોતાની માતાને રાજબા પાસે મોકલ્યા. સાસુ રાજબા પાસે આવ્યા અને કહેવા લાગ્યા : ''બેટા ! મારા દીકરાએ તમને **'બહેન'** કીધી છે, એટલું જ નહિ પણ તમને **'મા'** કીધી છે. માટે હવે તમે અમારા કુળમાં ન શોભો. અમે એકવાર બોલ્યા પછી ફરીએ નહીં. બોલો તમારી શું ઈચ્છા છે ? તમે કહો તો તમને વાંકિયા મૂકી જઈએ.''

રાજબા તો અતિ આનંદમાં આવી ગયા અને ઊભા થઈને સાસુના પગમાં પડી ગયા ને કહેવા લાગ્યા : ''મા ! તમે તો મારા મનની વાત કહી દીધી. તમારો ઉપકાર હું ક્યારેય નહિ ભૂલું. તમે મારી ઈચ્છા જાણવા માંગતા હો તો **મારી ઈચ્છા ગઢડા રહીને ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખંડ ભજન** કરવાની છે. તમે મારા માતા-પિતાને સમજાવીને **ગઢડા** મોકલી દ્યો, મારે ફરીને વાંકિયા જવું નથી.''

રાજબા જે વેલડામાં બેસીને વાંકિયાથી **ઘુઘરાળા** આવ્યા હતા તે જ વેલડું **ગઢપુર** જવા માટે તૈયાર કરાવ્યું. તેમાં બેસીને

રાજબા ગઢડા જવા રવાના થયાં. રાજબાના અંતરમાં આનંદનો પાર નથી. પીંજરામાં પુરાયેલ પાંખો વિનાની પંખીણી જેમ પીંજરામાંથી છૂટે અને જે **આનંદની અનુભૂતિ** થાય તેવી આનંદની અનુભૂતિ આજે રાજબાને થઈ રહી છે. વેલડું જ્યાં ગઢડાની સીમમાં આવ્યું ત્યાં તો રાજબાનો શ્રીજીમહારાજ પ્રત્યેનો પ્રેમ ઉભરાવા લાગ્યો.

**'ભુજા ભરી કબ ભેટું કિરતાર,**
**જોબન મેરો જાત અકારજ, શોભત નહિ શણગાર...**
**કબ ભેટું કિરતાર.'**

ભગવાન શ્રીહરિ અને સંતો-ભક્તો યાદ આવતા આંખમાંથી આંસુઓ પડવા લાગ્યા. વેલડું ચાલતાં ચાલતાં જ્યાં ઉન્મત્તગંગા નદી આવી એટલે ખળખળીયા ઘાટે વેલડું ઊભું રખાવી પોતે ત્યાં ઉતર્યા. અને ત્યાં સ્નાન કરી રેશમી વસ્ત્રો-આભૂષણો ઉતારીને સાદો સાધ્વી વેશ ધારણ કર્યો. ત્યાંથી વેલડા સહિત બધા સંબંધીઓને પાછા વાળ્યા અને પોતે દાદાખાચરના દરબારગઢમાં આવ્યા. મનમાં ડર છે કે મહારાજની આજ્ઞા વિના આવી છું, તેથી તેઓ કુરાજી થશે તો ? માટે પ્રથમ મહારાજ પાસે ન જતાં મોટીબા પાસે ગયા. મોટીબાના પગમાં પડી ચોધાર આંસુએ રડવા લાગ્યા. મોટીબાએ રાજબાને ઊભા કર્યા, આંખના આંસુઓ લૂછી પૂછ્યું : ''બેટા ! આ શું વેશ ધારણ કર્યો છે ? તમે તો ગઈ કાલે સાસરે હતાને ? શું કાંઈ અજુગતું થયું છે ?''

રાજબા કહે : ''મારું **સાસરું કે પિયર** કહો તે બંને આજથી **ગઢડું** છે. માસીબા ! હવે મને ન છોડશો. આથી ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ધણી છે અને મહારાજની આજ્ઞા વગર સાસરું છોડીને આવી છું એટલે મારા ઉપર **મહારાજ કુરાજી ન થાય** અને **પ્રેમથી સ્વીકારી** લે તેવું કરો.''

મોટીબા કહે : ''બેટા રાજુ ! મહારાજ તો બહુ દયાળું છે તે કાંઈ નહિ કહે.''

જીવુબા અને લાડુબા રાજબાનું કાંડુ પકડી શ્રીજીમહારાજ પાસે લાવ્યા અને કહ્યું : ''મહારાજ ! વાંકિયાથી રાજબા આવ્યા છે તેને સ્વીકારો. તે મનથી તો તમને જ વરી ચૂક્યા છે, તે તમારા પ્રેમની પૂતળી છે. તેમના પર રાજી થઈ આપની મૂર્તિનું સુખ આપો.''

ભગવાન શ્રીહરિ બહુ રાજી થયા અને બોલ્યા : ''આખરે ગંગા, સાગરને મળીને જ રહી. જાઓ તે અખંડ અમારી મૂર્તિને દેખશે. આંખનું મટકું મારશે એટલો પણ તેમને અમારો વિયોગ નહિ થાય. તેમને તમારી પાસે રાખીને સાચવજો. દિનદિન પ્રત્યે તેમનો રંગ ચડતો ને ચડતો રહે તેવી વાતો કરજો.''

## સાસરું - પિયર બધું ગઢડું જ છે !

રાજબા ગઢડામાં જીવુબા-લાડુબા સાથે આનંદમાં ભજન-ભક્તિ કરીને રહેવા લાગ્યા. છ-સાત મહિના વ્યતીત થયા. આ બાજુ વાંકિયામાં તેમની જ્ઞાતિના આગેવાન દરબારોએ **વિરોધ** કર્યો કે, ''આવી રીતે જુવાનજોધ દીકરીને ગઢડા મોકલી દેતા શરમ નથી આવતી ? દીકરી તો આવેગમાં આવી જીદ કરે તેમાં શું માતા-પિતાએ માની લેવાનું હોય ?''

મોકાખાચરે તો જ્ઞાતિના કહેવા સામે ધ્યાન આપ્યું નહિ, તેથી જ્ઞાતિના આગેવાનો અકળાયા : ''અરે ! મોકાખાચર નમાલા છે, આપણે કાંઈ થોડી બંગડીઓ પહેરી છે ! ચાલો આપણે જ ગઢડે જઈને રાજબાને તેડી લાવીએ.'' એમ નક્કી કરી દસ-બાર આગેવાનો ગઢડા આવ્યા. દરબારગઢમાં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોની વિશાળ સભામાં બિરાજમાન છે. ત્યાં આવીને ભગવાન શ્રીહરિને કહેવા લાગ્યા : ''સ્વામિનારાયણ ! અમે રાજબાને લેવા માટે આવ્યા છીએ. જો તે આવવાની ના કહે તો તમારે તેને આજ્ઞા કરીને અમારી સાથે મોકલવાની છે, તે તમારું તો માનશે જ. અને જો તમારું ન માને તો તેને તમારે અહિં રાખી શું કામ છે ?''

શ્રીજીમહારાજે રાજબાને બોલાવીને કહ્યું : ''રાજબા ! **અમારી આજ્ઞા છે તમારે તમારા પિયર જવાનું છે.** આ તમારા સગા-સંબંધીઓ તમને લેવા આવ્યા છે. ત્યાં રહીને અમારું ભજન કરજો.''

રાજબાને આ શબ્દો **વજ્રઘાત** જેવા લાગ્યા. રાજબા કહે : ''મહારાજ ! **મારું સાસરું કે પિયર બધું ગઢડું જ છે,** હું તો તમને જ વરી ચૂકી છું. માટે હવે હું ત્યાં નહિ રહિ શકું. કદાચ તમે મને છોડી દેશો પણ હું તમને નહિ છોડી શકું. **હું તમારા વિના જીવી શકીશ નહિ.** માટે મને તમારા ચરણોમાં જ રાખો.''

શ્રીજીમહારાજ કહે : ''નહિં રાજબા ! તમારે જવું જ પડશે.''

ભગવાન શ્રીહરિના આવા કઠણ વેણ સાંભળતા જ રાજબા સીધા **સમાધિમાં** જતા રહ્યાં. શરીરનું બધું લોહી થીજી ગયું અને મડદું પડે તેમપડી ગયા.

જ્ઞાતિના આગેવાનોને થયું કે આ તો **ભક્તાણી** છે ને આમને આમદેહ મૂકી દેશે તો તેની હત્યાનું પાપ લાગશે. તેથી બધા ભેગા મળી શ્રીજીમહારાજને પ્રાર્થના કરતા કહે : ''સ્વામિનારાયણ ! હવે તમારે અને તેને જેમ કરવું હોય તેમ કરો. હવે અમે તેને લઈ જવાનો આગ્રહ કરતા નથી.'' થોડીવાર પછી સંબંધીઓ ફરીને વાંકિયા જવા રવાના થયા.

થોડા સમય પછી રાજબા દેહમાં આવ્યા ને શ્રીજીમહારાજના ચરણોમાં પડીને રડવા લાગ્યા : ''મહારાજ ! મને માફ કરજો.''

મહારાજ રાજબાના માથા પર હસ્તકમળ રાખીને કહે : "રાજબા ! બધા કુસંગીઓ જતા રહ્યા છે, હવે સુખે ભજન કરો."

## બહેન ! છેટી રહેજે, તારા ઉદરમાં પુત્ર છે...

ગઢપુરમાં રાજબા તો હવે શ્રીજીમહારાજની ભક્તિ કરીને **કઠિન તપશ્ચર્યા** કરે છે. એકવખત પોતે ઉન્મત્તગંગાએ સ્નાન કરવા ગયા હતા. ત્યાં હાથમાં જળ લઈને **નિયમો** લીધા કે, 'જીવનભર પુરુષનું મોઢું જોવું નહિ, પુરુષથી અઢાર હાથ છેટું ચાલવું, એકવાર જમવું તે પણ રસકસ વગરનું જ, રાત્રે બાર વાગ્યા પછી જ આસન વિના ભોંય પર સૂવું, સવારમાં ચાર વાગ્યા પહેલા ઊઠવું.' રાજબાનું દિવ્ય તપ અને ત્યાગમય જીવન જોઈને અનેક સ્ત્રીભક્તો તેમના તરફ આકર્ષાતા. સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં નોંધે છે :- "સત્સંગમાં **કેટલીક બાઈઓએ** સાંસારિક સુખનો તથા પોતાના સંબંધીઓનો ત્યાગ કરી, ધર્મ દૃઢ રાખવા માટે ગઢપુરમાં **જીવુબાઈ અને રાજબાઈ પાસે નિવાસ** કર્યો હતો." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૫)

રાજબાની વાતો સાંભળતા કોઈને તૃપ્તિ જ ન થતી. ક્યારેક સ્ત્રીભક્તોની સભામાં રાજબા શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા હોય અને કોઈ **ગર્ભવતી સ્ત્રી** તે સભામાં આવે ત્યારે રાજબા તુરંત જ બોલી ઊઠે : "**બહેન ! છેટી રહેજે, તારા ઉદરમાં પુત્ર છે.** તું જો મને સ્પર્શ કરીશ તો મારે **ઉપવાસ** પડશે." આવું અદ્‌ભુત વૈરાગ્યયુક્ત ત્યાગ જોઈને સ્ત્રીભક્તો આશ્ચર્યચકિત થઈ જતા અને રાજબાની ભક્તિની ઊંચાઈને માપી શકતા નહિ. આવા **નૈષ્ઠિકવ્રતની મહાન મૂર્તિસમા** હતા રાજબા.

શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથ રાજબાના ત્યાગ અને ભક્તિ વિષે નોંધ કરતા કહે છે :

તેમના હૈયે ભક્તિના કોડ જાગ્યા હતા. પોતાના **માશિયાઈ બહેન** જીવુબાનો ત્યાગ જોઈ રાજબાઈએ પણ ભગવાનની ભક્તિ કરવા **ગૃહત્યાગ** કર્યો. તેઓ ભગવાન ભજવા ગઢડા આવ્યાં તે વાત જીવુબાએ શ્રીજીમહારાજને કરી. ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને જીવુબાએ કરેલી વાત કરી.

પછી કરુણા કરી ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા : "જુઓને, સત્સંગની વાત કરવામાં **ત્યાગની ચાનક** ચઢી જાય છે. **બાઈયું પરણ્યા ધણીનો ત્યાગ કરી દે છે,** પછી તેના પિતા સમજાવે તો મીરાંબાઈનું ઉદાહરણ આપે છે. રામાનંદ સ્વામી કાશીમાં જઈને છાના રહ્યા. એમ ત્યાગમાં ઉપાધિ બહુ રહી છે. નરનો અભાવ નારી જીવમાંથી કરે ને નારીનો અભાવ નર જીવમાંથી રાખે તો ત્યાગ પાર પડે. નિષ્કામવ્રત પાળવું કઠિન છે. ગોપીઓ જેવા કોઈ ભક્ત નહીં, પરંતુ **નિષ્કામવ્રત રાખનાર ભક્ત, ગોપીઓ કરતાં પણ અધિક છે.**"

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૪૦-૪૧)

## દાદા ! રાજબા તમારા પાંચમા બહેન છે તેમ માનજો...

ગઢપુરના જીવાખાચર રાજબાના સંબંધ માસા (કાકા) થતા હતા. પરંતુ દાદાખાચરની સાથે ઈર્ષ્યાભાવને કારણે માનને લઈને શ્રીજીમહારાજનો તથા દાદાખાચરનો દ્રોહ કરતા, તેથી જીવાખાચર સાથે રાજબા **કોઈપણ પ્રકારનો સંબંધ** રાખતા નહિ. તેમના ઘેર પણ જતા નહિ. દાદાખાચર રાજબાને પોતાના **બહેન** તરીકે માનતા.

એકવખત ભગવાન શ્રીહરિએ કહ્યું : "દાદા ! જીવુબા, લાડુબા આદિ તમારે ચાર બહેનો છે તેમઆ રાજબાને **પાંચમી બહેન** માનો. તેઓ દેહ છતાં **બ્રાહ્મીસ્થિતિ પામેલ** મહાન સતી છે. માટે તેમનું ધ્યાન રાખજો."

દાદાખાચરે શ્રીજીમહારાજની આજ્ઞા શિરોમાન્ય કરીને તત્કાળ એક ઓરડો રાજબાને રહેવા આપ્યો. રાજબા સાસરેથી ગઢડા આવ્યા તે આવ્યાં, પછી વાંકિયા ગયા જ નહિ.

રાજબા દરરોજ સવારે સ્ત્રીભક્તોને બોલાવીને 'મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ...' એ કીર્તન ગવરાવતા. આ કીર્તન તેમના જીવનમાં ચરિતાર્થ થયું હતું. રાજબા આજ્ઞાપાલન અને પ્રભુ-ઉપાસનામાં ઋષિમુનિઓ અને સંતોને પણ શરમાવે તે રીતે આગળ વધ્યા હતા.

## અરે લાધીયા ! તારું ભણકે (દિવસ) ભૂંડું થાય...!!!

એકવખત ગઢપુરમાં મંદિર બાંધવાને ઠરાવ કરવા શ્રીજીમહારાજના નિવાસસ્થાન અક્ષરઓરડીમાં ગુપ્ત મંત્રણાનું આયોજન થયું. તે ગુપ્ત સભામાં ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓ - દાદાખાચર, સુરાખાચર, લાધા ઠક્કર આદિ આગેવાન હરિભક્તો તેમજ જીવુબા, લાડુબા, રાજબા વગેરે સાંખ્યયોગી બહેનો હાજર હતા. પછી ભગવાન શ્રીહરિએ સર્વેને પૂછ્યું : "અહિં મંદિર બાંધવું કે કેમ?" ત્યારે સહર્ષ એક અવાજે બધાએ હા કહી. આમ, સર્વાનુમતે **શીઘ્રતાથી મંદિર**

**બાંધવાનો ઠરાવ** કર્યો. વળી, એમ નક્કી કર્યું કે આ વાત હમણાં જાહેર કરવી નહિ. કારણ કે કેટલાક વિઘ્નસંતોષીઓ રાજને ખોટી રીતે **કાન ભંભેરણી** કરી વિઘ્ન કરાવે. તેથી ઉપસ્થિત સભાજનોમાંથી કોઈને કશું કહેવું નહિ. તે સમયે જીવાખાચરનો ચાકર **બુટ્ટો ધાધલ** કાઠી ત્યાં નજીકમાં સૂતેલો. તેણે આ વાત સાંભળીને બીજા દિવસે સવારમાં તેણે જીવાખાચરને ગુપ્ત વાત જણાવી દીધી. શ્રીજીમહારાજને સમર્પિત દાદાખાચરની કીર્તિ અને અપાર સંપત્તિ જોઈ જીવાખાચરને તેમના પર **ઈર્ષ્યા** રહેતી હતી. તેથી જીવાખાચરે આ વાત ગઢડા ગામમાં પ્રસિદ્ધ કરી દીધી.

ભગવાન શ્રીહરિ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. તે સમયે લખુ કંદોઈ ત્યાં આવ્યા. શ્રીજીમહારાજને **સાષ્ટાંગ દંડવત્** પ્રણામ કરીને કહ્યું : ''હે મહારાજ ! આપે દરબારગઢમાં મંદિર બાંધવાનો અને થોડા દિવસમાં પ્રારંભ કરવાનો ગઈ રાત્રિએ નિશ્ચય કર્યો છે તે વાત ગામમાં ઘેર-ઘેર જાણીતી થઈ ગઈ છે.'' મનુષ્યભાવ દર્શાવતા ભગવાન શ્રીહરિ ચમક્યાં ને સ્વગત બોલ્યા : **''અમારી છાની વાત બહાર ક્યાંથી આવી હશે !''** પછી રાત્રિએ સભામાં જેટલા હતા તે સર્વેને બોલાવીને પૂછ્યું. સૌએ નમ્રતાથી જવાબ આપ્યો કે અમે તો કોઈને કાંઈ કહ્યું નથી. શ્રીજીમહારાજ વિચારમગ્ન બની ગયા. ત્યારે લાધા ઠક્કર બોલ્યા : ''હે મહારાજ ! અમારામાંથી કોઈ કહે તેમ નથી. પરંતુ આ રાજબાઈએ તેમના માસા જીવાખાચરને કહ્યું હોય તો ભલે.'' આ સાંભળતા જ રાજબાનો **પુણ્યપ્રકોપ** પ્રગટ્યો. તે બોલ્યા : ''અરે, લાધીયા ! તારો ભણકે (દિવસ આથમ્યે - સાંજ સુધીમાં) ભૂંડો થાય. હું તે કહું ખરી ? હું જ્યારથી ગઢડામાં આવી છું ત્યારથી એને ઘેરે ગઈ નથી. એના ઘરના અન્ન-પાણી મારે હરામ છે. કેમકે તે **મારા ભગવાનનો અને મારા ભાઈ દાદાનો દ્રોહિ** છે. સાચી વાત જાણ્યા વિના આળ મૂકે છે ! જા તારો ભણકે ભૂંડો થઈ જશે !'' ત્યારે શ્રીજીમહારાજ બોલી ઊઠ્યા : ''હાં...હાં...હાં.. રાજબા ! આ શું બોલો છો ?'' સર્વે સભાજનો પણ કંપી ઊઠ્યા. તે સર્વે જાણતા હતા કે રાજબા વચનસિદ્ધ છે.

આ બાજુ લાધા ઠક્કરનો પુત્ર શામજી ભરવાડ પાસે દૂધ લેવા ગયો હતો. ત્યાં તેના દ્રોહિએ **જૂઠું આળ** મૂક્યું અને તેને મારવા દોડ્યો. શામજી ત્યાંથી ભાગી ગયો. આખા ગામમાં **હાહાકાર** થઈ ગયો. તેથી શામજીએ અફીણ ઘોળીને પીધું ને સૂઈ ગયો. તે સૂતો તે સૂતો જ રહ્યો. થોડા સમયમાં દેહ મૂકી દીધો.

## રાજબા એક ઉપવાસ કરશે તો હું ચાર કરીશ !

મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજની સાથે અખંડ સેવામાં રહેતા. ભગવાન શ્રીહરિની સાથે પડછાયાની માફક ફરતાં. રાત્રિ હોય કે દિવસ, ગામમાં હોય કે વનમાં, રાજમહેલમાં હોય કે સગરામની ઝૂંપડીમાં. શ્રીજીમહારાજ જ્યાં જ્યાં જાય ત્યાં મૂળજી બ્રહ્મચારી સાથે જ હોય. દરબારગઢમાં શ્રીજીમહારાજને કોઈ વસ્તુ-પદાર્થની જરૂર હોય તો લાડુબા-જીવુબા આદિક સ્ત્રીભક્તો પાસે મહારાજ મૂળજી બ્રહ્મચારીને મોકલતા.

એક દિવસ **મૂળજી બ્રહ્મચારી** કોઈ કામસર રાજબાના ઓરડાની ઓસરીની કોર પાસે જઈ ઊભા રહ્યા. ત્યાં તો ઓરડામાંથી એક બાઈ દોડીને આવીને બોલવા લાગી : ''અરે બ્રહ્મચારીજી ! છેટા રહો, રાજબાને ઉપવાસ પડશે.'' ત્યારે બ્રહ્મચારીજી કહે : **''રાજબાને ઉપવાસ પડે તો મારે ન પડે ?** રાજબા એક ઉપવાસ કરે તો હું બે કરું. રાજબા બે ઉપવાસ કરે તો હું ચાર કરું.'' તે સાંભળીને રાજબાઈ બોલ્યા : ''હે બ્રહ્મચારીજી ! તમે જમજો ને હું પણ જમીશ.'' તે વાતની સભામાં વિરાજમાન ભગવાન શ્રીહરિને પડી એટલે તેઓ કહે : ''મુક્તાનંદ સ્વામી ! રાજબાઈને કોઈ જીતી શક્યા નહિ, પણ અમારા આ મૂળજી બ્રહ્મચારીએ તેમને જીત્યા.''

આમ, રાજબામાં ભગવાનના ભક્ત આગળ હારીને રાજી થવું એવો ગુણ હતો.

## રાજબાનું અતિ કઠિન છેડાવ્રત...

રાજબા ગઢડામાં આવ્યા હતા ત્યારે શ્રીજીમહારાજે દાદાખાચરને કહ્યું હતું કે, ''આ રાજબા તમારા પાંચમા બહેન છે. જીવુબા-લાડુબા-નાનુબા-પાંચુબાને જેમતમારા માનો છો તેમઆમને પણ માનજો.'' ત્યારથી દાદાખાચરે રાજબામાં **સગા બહેન જેવો ભાવ** રાખ્યો હતો. અને રાજબાએ દાદાખાચરમાં પોતાના સગા ભાઈ **ઘેલાખાચર કરતા પણ** વિશેષ **ભ્રાતૃભાવ** રાખ્યો હતો. મુક્ત મુક્તને સ્વાભાવિક રુચિ મળી ગઈ હતી. દાદાખાચરે પણ પોતના ગરાસની મિલકતમાં રાજબાનો 'બહેનનો ભાગ' જુદો જ ગણી રાખેલો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વધામ સિધાવ્યા પછી રાજબાને એક સૂક્ષ્મ ઈચ્છા રહેતી કે, ''ભગવાન શ્રીહરિએ વડતાલમાં મોટું ધામ બાંધ્યું છે અને તેમાં પોતાનું જ **શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ** પધરાવ્યું છે. બીજા કોઈપણ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ ન પધરાવ્યું અને વડતાલમાં જ પધરાવ્યું. તેથી વડતાલનો મહિમા ખૂબજ છે, તો એ શ્રીહરિકૃષ્ણ મહારાજના મને દર્શન ક્યારે થાય ?'' આ વિચારમાં રાજબા ઊંડા ઊતરી ગયા.

બહેનનો સંકલ્પ જાણીને લાડુબાએ

દાદાખાચરને વાત કરી. દાદાખાચર રાજબા પાસે આવ્યા અને કહ્યું : ''બહેન ! શા માટે મૂંઝાઓ છો ? **ચાલો હું તમારે વડતાલ જવાની વ્યવસ્થા કરાવી દઉં. તમે સુખેથી દર્શન** કરો.''

રાજબા કહે : ''ભાઈ ! મારે તો પુરુષથી અઢાર હાથ છેટે ચાલવાનું વ્રત છે. હું વડતાલ જાઉં તો મારું આ **નિયમ** કેમ સચવાય ?''

દાદાખાચર કહે : '' અરે ! એમાં શું આટલા બધા ઉદાસ થઈ ગયા ? તમારું વ્રત પણ જળવાય અને શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન પણ થઈ જાય એવી **વ્યવસ્થા** કરાવી દઉં તો રાજી ?''

રાજબા કહે : ''તો તો કાંઈ વાંધો નથી.''

દાદાખાચરે તુરંત જ અઢાર અઢાર હાથ લાંબા લાકડાં કપાવીને એક **વેલડાની ફરતી વાડ** કરાવી. જેથી કોઈપણ વ્યક્તિ તે વેલડાથી અઢાર હાથ છેટે જ રહે. તે વેલડામાં રાજબાને બેસારીને દાદાખાચરે પોતે વેલડું હાંક્યું અને વડતાલ આવીને રાજબાને શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન કરાવ્યાં.

આમ, રાજબાએ પોતાનું આવું અતિ કઠિન વ્રત જાળવવા માટે જીવનમાં ફક્ત એકજ વાર **વડતાલના દર્શન** કર્યા હતા.

## રાજબાની સંત સેવા-ભક્તિ....

એકવખત સાસરા પક્ષનું ગામ ઘુઘરાળેથી ગઢડા પાછા આવતા હતાં ત્યારે ગાડું હાંકનાર ચાકરે **કાળુભાર નદીના પટમાં** એક સંતને જોયા. તેણે તે વાત રાજબાઈને કહિ. રાજબાઈએ તે ચાકરને તપાસ કરવા મોકલ્યો. તેણે જઈને તે સંતને પૂછ્યું : ''તમે અહિં એકલા કેમ છો ?'' સંતે કહ્યું : 'મારી સાથે **અખંડાનંદ સ્વામી** છે. તેમને **પેટબેસણું** થયું છે. તેથી નદીના કાંઠે વારંવાર દિશાએ જાય છે.'' ચાકરે તે માહિતી રાજબાઈને આપી. ત્યારે રાજબાઈએ કહ્યું : ''જાવ ભાઈ ! સ્વામીને તેડી લાવો ને ગાડાંમાં બેસાડો. હું ચાલીને આવીશ.'' પછી ચાર-પાંચ **રેશમની ગોદડીઓ** હતી તે ગાડાંમાં પાથરીને અખંડાનંદ સ્વામીને સૂવાર્યા.


ગઢપુર આવીને ગાડું સાધુની જગ્યાએ મોકલી દીધું. અને સ્વામીને તથા તેમના સેવકને ત્યાં ઊતાર્યા. થોડીવાર પછી પુરુષોત્તમ ઘાટે સ્નાનાદિક વિધિ પરવારીને રાજબાઈ દરબારગઢે આવ્યાં. **બગડેલી ગોદડીઓ રાજબાઈએ જાતે ધોઈ**ને આથમણા બારના ઓરડાની ઓસરીએ વાંસડા ઉપર સુકવી. પછી ભગવાન શ્રીહરિ અક્ષર ઓરડીએથી દરબારગઢમાં આવતા હતા. તેઓએ ગોદડી સુકવેલી જોઈને દાદાખાચરને તે વિશે પૂછ્યું. ત્યારે દાદાખાચરે બધી વાત કરી. તે સાંભળીને શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન વદને બોલ્યા : ''હે દાદા ! મારા સંતની સેવા કરી તેણે **અક્ષરધામની પ્રાપ્તિના સાધન** કરી લીધા.''

## પછી રાજબાએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછાવ્યો જે....?

રાજબાએ આજીવન એકજ વાતનું સતત અનુસંધાન રાખ્યું હતું કે, ''આપણાથી ક્યારેય એવું વર્તન ન થઈ જાય કે જેથી શ્રીજીમહારાજ કુરાજી થાય.''

**'તું ગમદે યા ખુશી દે હૈ તેરી મહેરબાની,**
**મંજૂર હે હમે ભી જો તેરા ફૈંસલા હૈ ।**
**હમ ક્યાં તુજે બતાયે સબ કુછ તુજે પતા હૈ,**
**હર હાલમેં તેરી હમારી તરફ નજર હૈ ।**
**મજબુરીયા હમારી સમજતા હી તું હૈ,**
**રાજી હમ ઉસીમેં જીસમેં તેરી રજા હૈ ॥'**

રાજબાએ પોતાના જીવનપંથના પગલે પગલે



શ્રીજીમહારાજના રાજીપા તરફ જ દૃષ્ટિ રાખી હતી. અને તેથી જ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨૫માં રાજબાએ શ્રીજીમહારાજને કોઈ ભક્તજન દ્વારા પ્રશ્ન પૂછાવ્યો જે, **"હે મહારાજ ! ક્યા ગુણે કરીને તમે રાજી થાઓ ને ક્યા દોષે કરીને કુરાજી થાઓ ?"** ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આટલા તો વચનમાં દોષ છે. તે ક્યા તો પોતાના અંતરમાં કાંઈક વિશેષ વર્તવાનું હોય તેનું અમને એકવાર કહી દેવું જે, 'હે મહારાજ ! તમો કહો તો આવી રીતે વર્તું, પણ વારંવાર ન કહેવું જે, હે મહારાજ ! હું આમ વર્તું કે આમ વર્તું તે તમે મને કેમ કહેતા નથી ? તે ન ગમે. અને મને પોતાનો ઈષ્ટદેવ જાણે, ને વારે વારે મારા વેણ ઉપર વેણ લાવે તે ન ગમે. અને હું કોઈની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે અને ભગવાનનું ધ્યાન કરવું તથા ધર્મ પાળવો, ભક્તિ કરવી, ઈત્યાદિક જે જે શુભ ક્રિયા કરવાની છે તેને જે ભગવાન ઉપર નાખે જે ભગવાન કરાવશે તો થશે' તે ન ગમે, અને 'આમ હું કરીશ, આમ હું કરીશ,' એમ કેવળ પોતાનું જ બળ રાખે પણ ભગવાનનું બળ ન રાખે ન ગમે. અને જેને બોલ્યામાં પોતાના અંગનો ઠા ન હોય તે તો અતિશય ન ગમે. અને બીજાં વ્યવહારિક કામ કરવાં હોય તેમાં તો લાજ તથા આળસ ન થાય ને ભગવાનની વાર્તા કરવી, કથા કરવી, કીર્તન ગાવવાં, તેમા લાજ રાખે ને આળસ રાખે તે ન ગમે. અને ત્યાગનો અથવા ભક્તિનો અથવા કોઈ રીતનો જે અહંકાર બોલીમાં લાવે તે ન ગમે. અને સભા બેઠી હોય ત્યારે સહુથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે તે ન ગમે તથા કોઈક મોટા તે સભામાં બેઠા હોય ને તેને કુણી મારીને માગ કરીને પોતે બેસે તે ન ગમે. અને બાઈ માણસ હોય ને તે પોતાના અંગને ઢાંકીને લજ્જા સહિત વર્તે તે ગમે. તથા ચાલે ત્યારે નીચી દૃષ્ટિ રાખીને ચાલે પણ ફાટી દૃષ્ટિ રાખે નહિ તે ગમે અને અમારાં દર્શન કરતા હોય ને કોઈક બાઈભાઈ આવે અથવા કુતરું નીસરે, કે ઢોર નીસરે, કે કાંઈક ખડખડે, તેની સામું વારંવાર દર્શન મુકીને જુએ પણ એક દૃષ્ટિએ દર્શન ન કરે તેની ઉપર તો એવી રીસ ચડે જે, શું કરીએ સાધુ થયા નહિ તો એનું કાંઈક તાડન કરીએ, પણ તે તો થાય નહિ, કેમ જે સાધુને કોઈનું તાડન કરવું એ અતિ અયોગ્ય કર્મ છે અને જે કપટ રાખે પણ પોતાના મનમાં જે સંકલ્પ તે જેને કહેવા યોગ્ય હોય તેની આગળ પણ કહે નહિ તે ન ગમે. અને માન તથા ક્રોધ તથા કોઈથી દબાઈને રહેવું તે શું ? તો પોતાના મનમાં જેવું હોય તેવું બીજાથી દબાઈને કહેવાય નહિ. એ ત્રણ વાનાં તો અતિશય ભૂંડા છે. અને હરિભક્તને માંહોમાંહી બરોબરિયાપણું રહે પણ એકએકનો ભાર ન આવે એ પણ અતિશય ભૂંડું છે.''

આમ, ભગવાન શ્રીહરિએ પોતે જ રાજબાના પ્રશ્નનો ઉત્તર આપ્યો છે.

૨૬૨ વચનામૃતોમાં સ્ત્રી-સમાજમાંથી કોઈનો પ્રશ્ન હોય તો માત્ર એક **રાજબા**નો જ **પ્રશ્ન** વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨૫માં છે. રાજબાનો આ પ્રશ્ન એ સંપ્રદાયના તમામ સ્ત્રીભક્ત સમાજનું **ગૌરવ** છે.

### મારાં અસ્થિને જમીનમાં અઢાર હાથ ઊંડો ખાડો ખોદીને દાટજો...!!!

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨૫માં પૂછેલા પોતાના પ્રશ્નનો શ્રીજીમહારાજે જે ઉત્તર આપ્યો હતો તેને રાજબાએ પોતાના જીવનમાં સારધાર ચરિતાર્થ કર્યો હતો. આજીવન તેમણે હાથમાં કંકણ પહેર્યા ન હતા, માથે કેશ વધાર્યા ન હતા, આંખમાં આંજણ આંજ્યું નહોતું, એકાદશીના વ્રત નકોરડાં કરતાં. દિવસમાં એકવાર મીઠા વગરનું દોઢ-પાશેર અન્ન જમતાં. ઘી-ગોળ-દૂધ-દહિં વગેરે આજીવન લીધા નહોતા. કોઈ ધાતુનો હાથ વડે સ્પર્શ કરતા નહિ. પાણી પીવા માટે કઠારી અને તુંબડી રાખતા હતાં. કાચલીમાં પાણી પીતા, મૃતિકા કે કાષ્ઠના વાસણમાં જમતા હતા. રાત્રે પૃથ્વી પર પાથર્યા વિના સૂઈ રહેતા હતા. અઢાર હાથથી પુરુષ પાસે આવે તો ઉપવાસ કરતા હતાં. ભગવાન શ્રીહરિ વિના કોઈ પુરુષ સાથે બોલતા નહિ. જેટલા વ્રત ધર્મશાસ્ત્રમાં કહ્યા છે તેટલા વ્રતો પોતાના દેહે કરીને કર્યા હતા. શ્રી નિષ્કુળાનંદ સ્વામી અને શ્રી દેવાનંદ સ્વામીના ત્યાગ-વૈરાગ્યના કીર્તનો ગાતાં અને વાંચતાં.

આવાં **કઠિન વ્રતધારી** રાજબા ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની પોતાની ભક્તિના સિતારા આસમાન સુધી પહોંચાડી અનેક મુમુક્ષુ જીવાત્માઓને **ભક્તિનો માર્ગ** સરળ બનાવીને પોતાનું **જીવિતવ્ય** પુરું કર્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વધામ પધાર્યા પછી રાજબાએ મંદવાડ ગ્રહણ કર્યો. શ્રીજીમહારાજ રાજબાને ધામમાં તેડી જવા આવ્યા તે વખતે દાદાખાચર કાંઈક કામ પ્રસંગે બહારગામ ગયા હતા. તેથી રાજબાએ કહ્યું : ''મહારાજ ! મેં આજીવન **કોઈ પુરુષનો સ્પર્શ કર્યો નથી** અને **દાદાખાચર અત્યારે હાજર નથી.** જો અત્યારે હું દેહ મૂકું તો મારા દેહને બીજો કોઈ પુરુષ સ્પર્શ કરે તો મારું **વ્રતભંગ** થાય. માટે દાદાખાચર બહારગામથી આવે પછી હું ધામમાં આવીશ.'' ભગવાન શ્રીહરિ પાછા ચાલ્યા ગયા.

દાદાખાચર બહારગામથી પાછા આવ્યા. રાજબાએ દેહ મૂકતા પહેલા ત્રણ દિવસ અગાઉ **દાદાખાચરને ભલામણ** કરતા કહ્યું : ''મારા દેહને કોઈ પુરુષ અડકે નહિ અને **મારી નનામી સ્ત્રીઓ જ ઉપાડે** અને **કોઈ પુરુષ અડકે જ નહિ.** અને મારી ચિતાને અગ્નિ તો તમે જ મૂકજો. બીજા કોઈ પુરુષ નજીક પણ ન આવે તેનો ખ્યાલ રાખજો. અને મારા અસ્થિ ઘેલા (ઉન્મત્તગંગા)માં ન નાંખશો. કારણ કે ત્યાં રખેને પુરુષનો સંબંધ થઈ જાય. માટે જમીનમાં અઢાર હાથ ઊંડો ખાડો ખોદીને દાટજો.''

ત્રીજે દિવસે રાજબાએ દેહ મૂકતી વખતે સ્ત્રીભક્તોને બોલાવીને કહ્યું : ''આ જીવ જન્મ-મરણ, લખચોરાશી અને ગર્ભવાસના દારુણ દુ:ખોને ભોગવતો અનેક માનવ જન્મને પામ્યો છે. જગતમાં જેટલી

વાનરીઓ, મીનડીઓ, કૂતરીઓ આદિક છે તેને પેટે અસંખ્યવાર જન્મ લીધા છે. છતાં ભવમાંથી ઉદ્ધાર થયો નથી. હવે સૌ ખબરદાર થઈ સત્સંગ કરજો. શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમનારાયણ મળ્યા છે તો અનંત જન્મની કસર આ એક જન્મમાં બાળી શુદ્ધ હૃદયી થઈ જજો.!'' આમ અનેક રીતનો ઉપદેશ કરીને સૌને કહે છે : **''તમે બધા બહેનો ભગવાનનું ભજન કરજો. મહારાજને ભૂલાડે એવી કોઈ ક્રિયા કરશો નહિ.''** આમ કહીને કહેવા લાગ્યા : લ્યો, શ્રીજીમહારાજ અનંત મુક્તો સાથે મને તેડવા આવ્યા છે. હું હવે **અક્ષરધામમાં** જાઉં છું...!'' એમ કહી સૌ સ્ત્રીભક્તોને છેલ્લા **'જય સ્વામિનારાયણ'** કહીને શ્રીજીમહારાજની સાથે અક્ષરધામમાં સિધાવ્યા. પંચભૌતિક દેહનો ત્યાગ કર્યો.

રાજબાની નનામી સ્ત્રીભક્તોએ જ ઉપાડી, રાજબાની **સ્મશાનયાત્રા** દરબારગઢમાંથી નીકળીને ઘેલા કાંઠે આવી. અગર, ચંદન, તુલસીના કાષ્ટની **ચિતા** તૈયાર કરેલી હતી તેમાં રાજબાના **પંચભૌતિક દેહ**ને પધરાવ્યું. સૌ સ્ત્રીભક્તોએ **પંચાંગ પ્રણામ** કર્યા, દાદાખાચરે **દંડવત્ પ્રણામ** કર્યા. સ્ત્રીભક્તોની આંખોમાં ચોધાર આંસુ છે, દાદાખાચર રાજબાના શરીરે અગ્નિનો દાહ આપવા પ્રયત્ન કર્યો. પરંતુ **ચિતાને આગ લાગતી નથી,** નથી પવન કે નથી વરસાદ, કેટલુંય ઘી રેડવામાં આવ્યું, છતાં પણ ચિતાને અગ્નિ લાગતો નથી. ત્યારે દાદાખાચર મૂંઝાયા અને દોડતા દોડતા ગોપાળાનંદ સ્વામી પાસે આવી બધી **હકીકત** જણાવી.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''દાદા ! રાજબાના પંચભૌતિક દેહને તમારા સિવાય બીજો પણ કોઈક પુરુષ અડી ગયો હશે અથવા તેમના દેહથી અઢાર હાથ નજીકમાં કોઈ પુરુષ આવી ગયો હશે, તેથી દેહને અગ્નિ લાગતો નહિ હોય. માટે ફરીથી રાજબાના દેહને શ્રીજીમહારાજ જ્યાં સ્નાન કરતા તે પુરુષોત્તમ ઘાટમાં સ્નાન કરાવી ચિતા ખડકો એટલે તુરંત અગ્નિ લાગશે.'' પછી સ્વામીના કહેવા મુજબ કર્યું છતાં પણ અગ્નિ ન લાગ્યો. વળી, ફરી દાદાખાચર મૂંઝાયા ને દોડતા સ્વામી પાસે આવીને બધી વાત કરી.

ત્યારે સ્વામી કહે : ''સતીની શું ઈચ્છા હોય તે તો મહારાજ જાણે.!'' એમકહીને સ્વામી યોગસમાધિમાં જઈને જુએ છે તો અગ્નિલોકમાં અગ્નિદેવ ધ્રૂજે છે. તે કહે : ''સ્વામી ! રાજબા, નૈષ્ઠિક બ્રહ્મચારી છે. તેઓએ કહ્યું હતું કે **મારા હાડકાંને પણ કોઈ પુરુષ અડે નહિ.** તો હું પુરુષ જ છું અને જો હું તેમને સ્પર્શ કરું ને તે **મને શાપ આપે તો** મારા શા હાલ થાય ?''

આ બાજુ ગોપાળાનંદ સ્વામીએ સમાધિમાંથી બહાર આવીને દાદાખાચરને કહ્યું : **''અગ્નિદેવ રાજબાનો સ્પર્શ કરતા ભય પામે છે.** માટે સૌપ્રથમ થોડા ઘાસની અલગ પૂળી લઈ તેમાં અગ્નિ પ્રગટાવીને લાવો...!'' દાદાખાચરે તેમ કર્યું. એટલે સ્વામીએ પૂળી લઈને કહ્યું : ''હે અગ્નિદેવ ! **સતી તો ધામમાં સિધાવ્યા છે.** આ તો કેવળ તેમનો પંચભૌતિક દેહ છે. માટે **તમે સ્પર્શ કરો તેનો કોઈ બાધ નથી.** તમને જરાયે દોષ નહિ લાગે.''

આ પ્રમાણે સ્વામીના કહેવા પ્રમાણે દાદાખાચરે ચિતા પાસે આવીને કહ્યું ત્યાં તો ચિતામાં અગ્નિ પ્રજ્વલ્લિત થયો. આકાશમાર્ગે દેવો અને મુક્તોએ પુષ્પોની વૃષ્ટિ કરી.

આમ, વાંકિયાના રાજબા સમર્થ **પરમ નિષ્કામી** અને **ધર્મયુક્ત ભક્તિ**ની **પરિપૂર્ણ મૂર્તિ** હતા. તેઓ સદૈવ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવામાં **તત્પર** રહેતા હતા. નિરંતર શ્રીજીમહારાજની માધુરી મૂર્તિનું **અખંડ ચિંતવન** કરતા હતા. આ સહજાનંદી સિંહણ સમા મુક્તાત્મા રાજબા, બ્રહ્માંડની રચના થઈ ત્યારથી આજ સુધીમાં સ્ત્રીના દેહમાં રહીને આટલા **કઠોર વર્તમાન** અને **ટેક** રાખી હોય તો તેવા તો એક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન નૈષ્ઠિક વ્રતધારી **રાજબા** જ હતા.

શ્રીજીમહારાજ લોયા પ્રકરણના ઉજા વચનામૃતમાં રાજબાના ત્યાગની વાત કરતા કહે છે : ''...તથા **રાજબાઈ** તથા જીવુબાઈ તથા લાડુબાઈ તથા મોટા રામબાઈ તથા... ઈત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેવા હવા...''

રાજબાની શ્રેષ્ઠતાને વર્ણવતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃત'** ગ્રંથમાં લખે છે :- ''જીવુબાઈ અને રાજબાઈ ત્યાગી બાઈઓમાં શ્રેષ્ઠ હતાં તે શ્રીહરિની આજ્ઞાથી **ભક્તિમાતાને મુખ્ય રાખી** બાઈઓને વાત કરતાં. ક્યારેક **ભક્તિમાતા** તેમને પ્રગટ દર્શન દેતાં. જ્યારે શ્રીહરિ સાથે હરિજનોનો સંઘ જાય ત્યારે તે બંને (જીવુબા અને રાજબા) સ્ત્રીઓના ગુરુ થઈને સાથે આવતાં હતાં. અમરીબા, અમૂલાબા, જીવુબાઈ તથા રાજબાઈ, એ બેનો થતી હતી. જ્યાં સુધી ધર્મકુળ નહોતું આવ્યું ત્યાં સુધી સર્વે બાઈઓના ગુરુ જીવુબા હતાં. બાઈઓ પોતાના ભાવ પ્રમાણે જે જે વસ્તુ તેમને આપતાં તે લઈને મહારાજને તે આપી દેતા. શ્રીહરિએ તેમને ભક્તિના બધા જ ગુણો આપ્યા હતા, અને રાધા, રમા તેમના દ્વારા દર્શન દેતા, રાધા, રમાના ગુણો તેમનામાં હતા. લાડુબા પણ એવી જ સેવા કરતા. અને લલિતાના જેટલા ગુણો હતા તે બધાજ તેમનામાં આવ્યા હતા. તેમની સેવા કરવાની ચાતુર્યતા જોઈ સ્ત્રીઓ આશ્ચર્ય પામતી. **રાજબાઈ**ની પાસે પણ ભક્તિમાતા એ પ્રમાણે દિવ્યરૂપે રહેતા. એમશ્રીહરિએ ભક્તિમાતાને એક પળ માત્ર દૂર નહિ રહીને સુખી કર્યા. ભક્તિમાતા બાઈઓ દ્વારા શ્રીહરિની દિવ્ય મૂર્તિને લાડ લડાવતાં હતાં.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૬/૪૬)

રાજબાના ઉત્કૃષ્ટ ગુણોની ગાથાનું ગાન કરતા તેમની ખોટ આ સત્સંગમાં કાયમને માટે રહી ગઈ. આજે સત્સંગ એવા નારીરત્નોની આશા રાખે છે.

શ્રીજીમહારાજના આવા એકાંતિક મહાન મુક્તરાજ રાજબાના **જન્મસ્થાન** ગામ **વાંકિયામાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર**ના ભવ્ય **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** પ્રસંગે તેઓશ્રીના ચરણોમાં **શતશઃ વંદન સહ જય શ્રી સ્વામિનારાયણ...!!!**

અનુસંધાન પેજ ૧૭નું ચાલું...

તથા તેમના માતુશ્રીએ તાજા ગોળના ભીલા તથા ઘીની તાંબડીઓ ભગવાન શ્રીહરિ પાસે મૂકી. શ્રીજીમહારાજ આ જોઈ બોલ્યા : ''ઘેલાખાચર ! આ તો લાડવા કે શીરા કરતાં પણ અધિક થયું.''

ઘેલાખાચરે કહ્યું : ''મહારાજ ! **ઘરના વાઢનો ગોળ** છે અને **આપણી ભેસુંનું તાજું ઘી** છે. માટે સૌને સારી પેઠે પીરસીને જમાડો.''

તેમનો ભાવ જોઈ શ્રીજીમહારાજે બ્રહ્મચારીને કહ્યું : ''બ્રહ્મચારી ! તમે ઘી પીરસો અને ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી ગોળ પીરસશે.'' તે પ્રમાણે **ગોળ** અને **ઘી** ભગવાન શ્રીહરિએ પીરસાવ્યાં. પછી ખીચડીમાં શ્રીજીમહારાજે પોતે સૌને સારી રીતે ઘી પીરસ્યું. સંતો આવી રીતે જમ્યા તેથી ઘેલાખાચર તથા તેમના માતુશ્રી આનંદિત થઈ ગયાં !

સાંજનો સમય થવા આવ્યો. ઉત્તરાદાબારના ઓરડામાં ભગવાન શ્રીહરિ બિરાજમાન હતા. બહાર ઓસરીમાં ઘેલાખાચરના નાના એવા દીકરા **જસાખાચર** ગોદડીમાં સૂતા હતા. બીજું કોઈ ત્યાં હતું નહિ, તેથી જસાખાચર રડવા લાગ્યા. તેમનો રડવાનો અવાજ સાંભળીને શ્રીજીમહારાજ ઓરડામાંથી બહાર આવ્યા અને **જમણો ચરણારવિંદ** જસાખાચરની છાતી ઉપર રાખીને થોડીવાર પછી મહારાજે જમણો ચરણ ઉપાડીને **ડાબો ચરણ** છાતી ઉપર રાખ્યો. ભગવાન શ્રીહરિના દર્શન થતાં નાના એવા જસાખાચર રડતા બંધ થઈ ગયા અને મહારાજનો ચરણ પકડીને રમવા લાગ્યા. આ દૃશ્ય દૂરથી સોણબા અને દરબારગઢની સ્ત્રીઓ જોઈ ગઈ ! તેઓ ભયભીત થઈ ગઈ કે, 'અરે ! રે ! મહારાજના પગનો વજન આ નાનો બાળક કેમખમી શકશે !!!' અને તેઓ શ્રીજીમહારાજને કહેવા લાગ્યા : ''મહારાજ ! પગ લઈ લો, જસાને કાંઈક થઈ જશે !!'' એમત્રાડ નાંખીને જસાખાચરના માતુશ્રી સોણબા દોડી આવ્યા. ભગવાન શ્રીહરિએ ચરણ છાતી ઉપરથી નીચે લઈ લીધો. પરંતુ **બંને ચરણની છાપ** જસાખાચરની છાતી ઉપર ઉપસી ગઈ. (આ છાપો જસાખાચરની છાતીમાં **જીવનપર્યંત** રહી હતી. પરંતુ તેઓ કોઈને દેખાડતા નહિ.)

ફાગણ સુદ - ૩ને વહેલી સવારે ભગવાન શ્રીહરિ વાંકિયાથી નીકળ્યા. ત્યારે સામે ઘેલાખાચરના માતુશ્રી જસાખાચરને કેડમાં તેડીને ઊભાં હતાં. તેને જોઈ શ્રીજીમહારાજે તેને કહ્યું : ''હવે અમે નીકળીએ છીએ.''

એટલે સોણબાએ કહ્યું : ''મહારાજ ! દરબાર (મોકાખાચર) ઘેર નથી અને વળી ગઈ કાલે પાકી રસોઈ કરવા દીધી નથી, માટે આજે પાકી રસોઈ જમીને પછી જાઓ.'' ત્યારે શ્રીજીમહારાજે તરત જ કહ્યું : ''કાલે તો પાકી રસોઈ કરતાં અધિકું જમાડ્યું છે. માટે રાજી થઈને રજા દ્યો. અમારે રાજકોટ પહોંચવાની ઉતાવળ છે. ત્યાંના સાહેબે અમને તેડવા સવાર મોકલ્યો છે.''

આ સાંભળી તેઓ કાંઈ બોલી શક્યાં નહીં. જસાખાચરને કેડમાંથી ઉતારી ભગવાન શ્રીહરિને પગે લગાડ્યાં. શ્રીજીમહારાજે જસાખાચરના માથા ઉપર બે હાથ મૂક્યા. સૌને રાજી કરીને ભગવાન શ્રીહરિ વાંકિયાથી નીકળ્યા. ઘેલાખાચર તથા ગામના હરિભક્તો મહારાજને વળાવવા પાદર સુધી ગયા. ઢોલ, ત્રાંસાં, શરણાઈઓના ઘોષ કર્યા. બંધૂકો ફોડી ધડાકા કર્યા. એમવાજતે-ગાજતે શ્રીજીમહારાજ નીકળ્યાં. પાદરેથી સૌને મહારાજે પાછા વળાવ્યા.


## વાંકિયા દરબાર શ્રી મોકાખાચર : એક નજર...

વાંકિયાના દરબાર શ્રી મોકાખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય **પરમભક્તરાજ** હતા. તેઓ શ્રીજીમહારાજ સાથે સત્સંગ વિચરણમાં ફરતા હતા. તેઓ સ્વભાવે લોયા સુરાખાચર તથા ઝીંઝાવદરના અલૈયાખાચરના ભાઈ જેઠસુરખાચરની જેમ**રમૂજી** હતા. તેઓ વિનોદ કરી ભગવાન શ્રીહરિને ઘણીવાર હસાવતા હતા. શ્રીજીમહારાજને પ્રસન્ન રાખવા માટે **કાઠીની રીત પ્રમાણે ગમ્મત** કરતા.

સં. ૧૮૭૯ના અમદાવાદમાં **એરણ સાહેબને મળવા માટે** શ્રીજીમહારાજ પધાર્યા હતા ત્યારે **રાજકચેરી**માં એરણસાહેબે ભગવાન શ્રીહરિનો હાથ પકડીને સિંહના મ્હોરાવાળી ચાંદીના હાથાની ખુરશી ઉપર બેસાર્યા. થોડીવાર કુશળ સમાચાર પૂછીને પછી એરણ સાહેબે થોડા સંતો-ભક્તોને તે બેઠકમાં બોલાવવા રજા આપી. ત્યારે શ્રીજીમહારાજે મોતીરામને કહ્યું : ''મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ઉત્તમકુમાર, સોમલાખાચર, સુરાખાચર, અલૈયાખાચર, **મોકાખાચર** અને હેંમતસિંહ દરબાર આટલાને બોલવો.'' એટલે તરત જ મોતીરામનીચે ગયા અને તેમને પોતાની સાથે કચેરીમાં લઈ આવ્યા.

## સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન શૂરવીર પરમ ભક્તરાજ

# શ્રી મોકાખાચર પરંપરા વંશવૃક્ષ





# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી



ધાંધલપર (છોટાઉદેપુર)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આજ્ઞાથી યોજાયેલ દિવ્ય 'રાત્રિ સત્સંગ સભા'માં સત્સંગ-કથાવાર્તાનો અલૌકિક લાભ આપતા પૂ. સ્વામી તથા પૂ. ઘનશ્યામસ્વામી આદિક સંતો અને લાભ ભક્તજનો. (તા. ૧૧-૪-૨૦૧૦)



જોલાપુર (તા. રાજુલા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આજ્ઞાથી યોજાયેલ નૂતન મંદિરનો 'ભૂમિપૂજન શિલાન્યાસ મહોત્સવ'માં ભૂમિપૂજન કરતા પૂ. સ્વામી તથા યજમાનો અને કથાવાર્તાનો લાભ લેતા ભાવિક ભક્તજનો. (તા. ૧૨-૪-૨૦૧૦)

**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આજ્ઞાથી અધિક પુરુષોત્તમમાસ પ્રસંગે ઉપલેટામાં તા. ૧૬ થી ૨૨સુધી તેમજ અગતરાયમાં તા. ૨૪ થી ૨૮ સુધી પૂ. પુરાણી સ્વામી (વરજાંગ જાળિયા)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અધિર પુરુષોત્તમમાસ પ્રસંગે સત્સંગ અભ્યુદય-વિકાસાર્થે વરજાંગ જાળિયા નિવાસી પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજીના વક્તાપદે તા. ૧૬ થી ૨૨-૪-૨૦૧૦ સુધી શ્રી સ્વા. મંદિર - જીરાપા પ્લોટ-ઉપલેટા દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ તેમજ તા. ૨૪ થી ૨૮-૪-૨૦૧૦ સુધી શ્રી સ્વા. મંદિર - અગતરાય દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથા-પારાયણ અંતર્ગત પૂ. વક્તાશ્રીએ ઘનશ્યામજન્મોત્સવ, પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ વગેરે મહોત્સવો ધામધૂમપૂર્વક ઉજવવ્યા હતા.

આ આયોજનોને સફળ બનાવવા માટે પૂ. સ્વામી શ્રી પ્રેમજીવનદાસજી, પૂ. સ્વામી શ્રી પુરુષોત્તમચરણદાસજી (ફરેણીવાળા), પૂ. સ્વામી શ્રી ભક્તિનંદનદાસજી તેમજ પા. ઘનશ્યામભગત - ઉપલેટાવાળાએ ખંતપૂર્વક સેવા બજાવીને સંતો-ભક્તોનો રાજીપો કર્યો હતો.



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આજ્ઞાથી અધિક પુરુષોત્તમમાસ પ્રસંગે રામપર-તોરી (જૂનાગઢ પ્રદેશ)ને આંગણે યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત તા. ૧૫ થી ૨૧-૪-૨૦૧૦ સુધી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આજ્ઞાથી અધિક પુરુષોત્તમમાસ પ્રસંગે કરકોલીયા (ગઢપુર પ્રદેશ)ને આંગણે યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત તા. ૨૨ થી ૨૮-૪-૨૦૧૦ સુધી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષપદે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે સરધારધામને આંગણે યોજાયેલ છઠ્ઠો 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ' (તા. ૬ થી ૯-૫-૨૦૧૦

## શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે પવિત્ર અધિક માસમાં પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ

# છઠ્ઠો અખંડ અધિક માસ શ્રી

આ પુરુષોત્તમમાસમાં યથાશક્તિ વ્રત-દાન-તપ પરાયણ રહીને ભગવાનની ભક્તિનું બળ સવિશેષ વધારવાનું હોય છે, તેને અનુલક્ષીને નિષ્કામ-ભાવથી પ્રભુ જાય છે. તે માટે કોઈ પણ વ્રત-દાન-યજ્ઞાદિથી ભગવત્પરાયણ થવું એ જ આ પુરુષોત્તમમાસનો અધિક લાભ માનેલો છે.

ઉપરોક્ત હેતુ અનુસાર તેમજ અહિંસામય યજ્ઞ તથા વિપ્ર પ્રિય ભગવાન શ્રી સ્વામિનારાયણની ડભાણ, જેતલપુર વગેરેમાં પ્રવર્તાવેલી સર્વહિતાવહ પરંપરાને **માસ**માં સમસ્ત સત્સંગ સમાજના હિતને માટે તેમજ સત્સંગ શુદ્ધિ - વૃદ્ધિ - વિશ્વશાંતિ અને ધર્મ પ્રસ્થાપન નિમિત્તે સંપૂર્ણ **એક મહિના** સુધી **યજ્ઞાનુષ્ઠાન** કરવામાં આદિની આહુતિઓ અર્પવામાં આવે છે અને તેનાથી સંતુષ્ટ થયેલા દેવો દ્વારા સમગ્ર સત્સંગના શ્રેયસની શુભકામના સાકારિત કરવામાં આવે છે.

તેવી જ રીતે આ ચાલુ વર્ષે પણ અધિક વૈશાખ માસમાં **તા. ૧૫-૪-૨૦૧૦, અધિક વૈશાખ સુદ - ૧** થી **તા. ૧૪-૫-૨૦૧૦ અધિક વૈશાખ વદ - ૩૦** સુધી **પ.પૂ. રઘુવીરવાડી**માં એક મહિનો સુધી અખંડ નિવાસ કરીને સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણનું આરાધનામય યજ્ઞથી પૂજન કરાવ્યું હતું. આ છઠ્ઠા યજ્ઞાનુષ્ઠાનમાં અને અનેક સંતો-ભક્તોને પોતાના દર્શન, સ્પર્શનું સુખ આપ્યું હતું તેવા અજોડ પ્રસાદિભૂત ભગવાન શ્રીહરિના શરીરના શાસ્ત્રોક્તવિધિથી સંપુષ્ઠ કરેલા ધરાવવામાં આવતો અને ખુદ પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા નંદસંતો રચિત થાળ પદો અને કીર્તનો પદોનું ગાન કરવામાં આવતું હતું. ત્યારપછી પ.પૂ. ધર્મકુળ દ્વારા

બપોરે ૩ થી ૯ વાગ્યા સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રી અને વિપ્રો દ્વારા સત્સંગના શ્રેયસની શુભકામના અર્થે યજ્ઞકુંડમાં આહુતિઓ અપાતી હતી. ત્યારબાદ મહિનો ખૂબજ ભક્તિભાવથી શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન કરવામાં આવ્યું હતું.












## મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ

# હરિયાગ  યજ્ઞાનુષ્ઠાન

પ્રસન્નતાર્થે કરેલા પૂજા-યજ્ઞાદિથી પણ ભગવાન શ્રીહરિના પ્રીતિપાત્ર થવાય તો તેવા ભગવદ્ આરાધનામય યજ્ઞાદિ પણ એહિક-પારલૌકિક શ્રેયસ્કારી જરૂર બની

જીવંત રાખવા માટે વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની કુળપરંપરા મુજબ **દર અધિક** આવે છે. જેમાં દક્ષિણ વિભાગસ્થ તમામનાના-મોટા હરિમંદિરોના દેવોના નામથી બંને **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી** અને વિદ્વાન વિપ્રો દ્વારા યજ્ઞદ્રવ્ય-બીરંજ

**લાલજી મહારાજશ્રી** તથા **પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી**ની દિવ્ય સાંનિધ્યમાં **પચ્ચીસથી વધારે વિપ્રો** પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના નિવાસસ્થાને **શ્રી** દરરોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી અતિ ભક્તિભાવપૂર્વક પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા શ્રીજીમહારાજે જે પંચભૂત શરીર ધારણ કરીને આ પૃથ્વીને વિષે વિચર્યા અસ્થિકળશનો પંચામૃત તથા કેસરજળથી અને વિપ્રોના વેદગાનની સાથે મહાઅભિષેક કરવામાં આવતો હતો. ત્યારબાદ બપોરે ઠાકોરજીને અન્નકૂટના રૂપમાં થાળ આ વિપ્રોને ભોજન-દક્ષિણાદિથી ખૂબજ સંતુષ્ટ કરવામાં આવ્યા હતા.

ઠાકોરજીને થાળ, આરતી, સ્તુતિ, નિત્યનિયમવગેરે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને અન્ય ધર્મકુળ પરિવાર સદસ્યો સાથે કરવામાં આવતા હતા. આમ, સંપૂર્ણ એક













સોજીત્રા (જી. આણંદ)ને આંગણે ગુજરાત સ્થાપના દિને 'સ્વર્ણિમસંકલ્પ પત્ર'નું વાંચન કરીને નાગરિકોને સંકલ્પ લેવડાવતા તેમજ સોજીત્રાને તૈયાર થઈ રહેલ નૂતન મંદિરના આર.સી.સી. બાંધકામનું નિરક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧-૫-૨૦૧૦)




પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - સોરઠ પ્રદેશ દ્વારા કેશોદને આંગણે યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૮ થી ૧૫-૫-૨૦૧૦)


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - નાંદોલી - દેથલી - ડભોઉનો**

# ખાતમુહૂર્તવિધિ-ભૂમિપૂજન શિલાન્યાસ મહોત્સવ

**તારીખ :- ૨૮-૫-૨૦૧૦, સં. ૨૦૦૬૬, દ્વિ. વૈશાખ વદ - ૧, શુક્રવાર**

**સાંનિધ્ય :** પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી **પ્રયોજક :** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

મુ. નાંદોલી તા. માતર, જી. ખેડા
**સંપર્ક :- ચિમનભાઈ** - મો. ૯૯૨૪૨૬૧૨૪૬
**સમય :-** સવારે ૮ થી ૧૦

મુ. દેથલી તા. માતર, જી. ખેડા
**સંપર્ક :- પ્રહ્લાદભાઈ** - મો. ૯૯૨૫૯૦૩૪૪૧
**સમય :-** સવારે ૧૦ થી ૧૧

મુ. ડભોઉ તા. સોજીત્રા, જી. આણંદ
**સંપર્ક :- જયેશભાઈ** - મો. ૯૮૨૪૫૭૪૨૧૭
**સમય :-** સવારે ૯ થી ૧૨

## ગઢડા ટેમ્પલ બોર્ડમાં નવા નિયુક્ત ચેરમેન-વાઈસચેરમેનશ્રીને હાર્દિક અભિનંદન....



ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના વહિવટી સમિતિના ચેરમેનશ્રી-વાઈસચેરમેનની તા. ૨૮-૪-૨૦૧૦ અધિક વૈશાખ સુદ - ૧૫ના રોજ ટેમ્પલ બોર્ડના સભ્યોની હાજરીમાં નિયુક્ત કરવામાં આવી હતી. તેમાં સર્વાનુમતે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ટ્રસ્ટી **પ.ભ. શ્રી હરજીભાઈ નાનજીભાઈ ભીમાણી** (તરપાળા) **ચેરમેનપદે** અને ટ્રસ્ટી **પ.ભ. શ્રી ભૂપતભાઈ જેરામભાઈ પાંચાણી** (પીપરડી) **વાઈસચેરમેનપદે** નિમણુંક કરવામાં આવી છે. તે બદલ તેઓને સત્સંગ સમાજ દ્વારા હાર્દિક અભિનંદન સાથે શુભકામના પાઠવવામાં આવે છે.


દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

| -: સરધાર :- | -: સંપર્ક :- | -: રાજકોટ :- |
| --- | --- | --- |
| તા. ૬-૬-૧૦, રવિવાર | સંપર્ક :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ | તા.૨૯-૫-૧૦, શનિવાર |
| સમય :- સવારે ૮ થી ૧ | શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯ | સમય :- રાત્રે ૯ થી ૧૧ |



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**વક્તા :-** પ.પૂ. સ.ગુ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - બગસરા

**તારીખ :- ૨૯-૫-૨૦૧૦ થી ૪-૬-૨૦૧૦ સુધી**

**નિમંત્રક :-** ધર્મકુળ આશ્રિત બૃહદ મુંબઈ પરાવિસ્તાર શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - મીરારોડ, દહિસર, બોરિવલી, મલાડ, કાંદિવલી, ભાયંદર, મુલુંડ, થાણા, વાસી, ઘાટકોપર, ડોંબીવલી, વસઈ

**મહોત્સવ સ્થળ :-** સેકટર નં. ૧૦નું ગ્રાઉન્ડ, શાંતિનગર, મીરારોડ (ઈ)

સંપર્ક : **અરજણભાઈ મીરારોડ** - મો. ૯૮૨૯૬૮૪૭૪૨ **નાથાભાઈ મીરારોડ** - મો. ૯૮૬૯૬૩૬૦૧૭

ચાલો ડોંબીવલી...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો ડોંબીવલી...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીના 'છઠ્ઠા વાર્ષિક પાટોત્સવ' ના ઉપલક્ષમાં



# શ્રી ઘનશ્યામ મહોત્સવ

અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**તારીખ :- ૧૫-૬-૧૦ થી ૨૧-૬-૧૦ સુધી**



**પ્રયોજક :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**વક્તા :-** પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી - સરધાર **આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ

**સ્થળ :-** શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) ફો.નં. ૨૪૫૩૮૭૫, મો. ૯૩૨૨૭૫૩૦૫૨


ચાલો કમીગઢ...
પધારો કમીગઢ...
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને
ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે
નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - કમીગઢનો ભવ્ય
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ
અંતર્ગત
શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ
તથા શ્રીહરિયાગ યજ્ઞ
વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)
તારીખ : ૨૯-૫-૨૦૧૦ થી ૪-૬-૨૦૧૦
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - કમીગઢ (જૂનાગઢ પ્રદેશ)
કથા સમય :- સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦
મહોત્સવ સ્થળ :- 'સરદાર પટેલ વિદ્યાલય મેદાન' મુ. કમીગઢ, તા. જી. અમરેલી
સંપર્ક : કો. શંભુભાઈ - મો. ૯૯૭૯૨૨૫૮૬૩,
વિઠ્ઠલભાઈ - મો. ૯૯૭૮૭૮૪૨૧૫, ડિકાભાઈ - મો. ૯૪૨૮૭૦૯૯૧૦


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે
આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - વડેરાનો ભવ્ય
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ
અંતર્ગત
શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ
વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)
કથા સમય :- સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦
તારીખ : ૪-૬-૨૦૧૦ થી ૧૦-૬-૨૦૧૦
ભગવાન શ્રી સ્વામિનારાયણ
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - વડેરા (જૂનાગઢ પ્રદેશ)
મહોત્સવ સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. વડેરા, તા.જી. અમરેલી
સંપર્ક : રમેશભાઈ - મો. ૯૯૭૪૮૭૨૨૭૯
બાબુભાઈ - મો. ૯૯૯૮૩૨૬૪૬૫


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે
આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની સાતમી
શ્રી સ્વામિનારાયણ
ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા
પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)
તારીખ :- ૩-૮-૧૦ અષાઢ વદ - ૮ થી ૩૦-૮-૧૦ શ્રાવણ વદ - ૫ કુલ દિવસ :- ૨૮
દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :- નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, લક્ષ્મણઝુલા, ઋષિકેશ, કેદારનાથ, ગુપ્તકાશી, બદ્રિનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ, રમણરેતી, દ્વારિકા, બેટદ્વારકા, નાગેશ્વર, ગોપીતળાવ, રાજકોટ
બુકિંગ માટે સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૯૪૨૮૮૯૦૨૧૧ (પૂ. પતિતપાવન સ્વામી).
શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી. ફો. ૦૨૫૧ ૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત. મો. ૯૮૭૯૭૫૮૫૧૩. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮.
મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણી
આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આજ્ઞાથી આણંદને આંગણે યોજાયેલ શ્રી રોકડીયા હનુમાનજી મંદિર દ્વારા આયોજીત તા. ૨૯-૪-૧૦ થી ૫-૫-૨૦૧૦ સુધી 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત ભગવાન શ્રીહરિનો 'રજતતુલા મહોત્સવ' અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો 'સાકરતુલા મહોત્સવ' તેમજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)ના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'

Shree Swaminarayan Chintan, May - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC





શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે પવિત્ર અધિક માસમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ 'છઠ્ઠો અખંડ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન'
(તા. ૧૫-૪-૨૦૧૦, અધિક વૈશાખ સુદ - ૧ થી તા. ૧૪-૫-૨૦૧૦ અધિક વૈશાખ વદ - ૩૦)

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji
છબીકલા : શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦, દુર્ગેશ ફોટો - આણંદ . મો. ૯૮૯૮૭૭૦૬૩૯, પરેશ જાદુગર. મો. ૯૮૨૫૦૫૭૭૯૭